dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 280 | AD - 2024, Ashadh sud - 07 | Saturday, Dt.13-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મોદી સરકારનો મોટો નિર્ણય

# ૨૫ જૂનને "સંવિધાન હત્યા દિવસ" તરીકે ઉજવાશે

### ગેઝેટમાં ગૃહ મંત્રાલય તરફથી ૧૧ જુલાઇએ જાહેર થયેલા નોટિફિકેશનનો ઉલ્લેખ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

મોદી સરકારે એક મોટો નિર્ણય લેતા ૨૫ જૂનને 'સંવિધાન હત્યા દિવસ' તરીકે જાહેર કર્યો છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં ઈમરજન્સી લાદવામાં આવી હતી. ગૃહમંત્રી અમિત શાહે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ૨૫ જૂનને 'બંધારણીય હત્યા દિવસ' તરીકે જાહેર કરવાની માહિતી આપી હતી.

ગૃહમંત્રી અમિત શાહે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયનો ઉદ્દેશ્ય એવા લાખો લોકોના સંઘર્ષનું સન્માન કરવાનો છે, જેમણે અસંખ્ય યાતનાઓ અને જુલમનો સામનો કરીને લોકશાહીને પુનર્જીવિત કરી છે. 'સંવિધાન હત્યા દિવસ' લોકશાહીનું રક્ષણ કરવા અને દરેક ભારતીયની અંદર વ્યક્તિગત સ્વતંત્રતાની અમર જ્યોતને જીવંત રાખવા માટે કામ કરશે, જેથી ભવિષ્યમાં કોંગ્રેસ જેવી કોઈ સરમુખત્યારશાહી માનસિકતા તેનું પુનરાવર્તન ન કરી શકે. અમિત શાહે પોતાની એક્સ પોસ્ટની સાથે કેન્દ્ર સરકાર તરફથી જાહેર ગેઝેટ નોટિફિકેશનની પ્રતિ પણ પોસ્ટ કરી છે. ગેઝેટમાં ગૃહ મંત્રાલય તરફથી ૧૧ જુલાઈએ જાહેર થયેલા નોટિફિકેશનનો ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું કે જ્યારે ૨૫ જૂન ૧૯૭૫ના ઈમરજન્સીની જાહેરાત થઈ હતી, ત્યારબાદ તે સમયની સરકાર દ્વારા સત્તાનો દુરૂપયોગ કરવામાં આવ્યો અને ભારતમાં લોકો પર અત્યાચાર કરવામાં આવ્યા હતા. જ્યારે ભારતના લોકોને ભારતના બંધારણ અને ભારતના લોકતંત્ર પર દ્રઢ વિશ્વાસ છે, તેથી ભારત સરકારે ઈમરજન્સીના સમય દરમિયાન સત્તાના ઘોર દુરૂપયોગનો સામનો અને સંઘર્ષ કરનાર બધા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૫ જૂનને બંધારણ હત્યા દિવસ જાહેર કર્યો છે અને ભારતના લોકોને, ભવિષ્યમાં



કોઈ પણ પ્રકારથી સત્તાના ઘોર દુરૂપયોગનું સમર્થન ન કરવા માટે પુનઃપ્રતિબદ્ધ કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર ગૃહમંત્રી અમિત શાહની પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યું - ૨૫ જૂનને બંધારણ હત્યા દિવસ તરીકે ઉજવવાથી અમને યાદ અપાશે કે જ્યારે ભારતના બંધારણને કચડી નાખવામાં આવ્યું હતું. તે તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે જેમણે ઈમરજન્સીના અતિરેકને કારણે ભોગ બનવું પડ્યું હતું. ઈમરજન્સી ભારતીય ઈતિહાસનો કાળો સમય હતો.

૨૫ જૂને ઈમરજન્સીની ૪૯મી વર્ષગાંઠ હતી. આના એક દિવસ પહેલાં ૨૪ જૂને ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં વિપક્ષી સાંસદોએ બંધારણની નકલ સાથે શપથ લીધા હતા. વડાપ્રધાને આ અંગે કોંગ્રેસની ટીકા કરી હતી. તેમણે એક્સ પરની પોસ્ટમાં લખ્યું છે કે જેમણે ઈમરજન્સી લાદી છે તેમને બંધારણ પ્રત્યે પ્રેમ દર્શાવવાનો અધિકાર નથી. પીએમ મોદીએ એક્સ પર એક પછી એક ચાર પોસ્ટ કરી. તેમણે કહ્યું કે જે માનસિકતાના કારણે ઈમરજન્સી લાદવામાં આવી હતી તે આ પાર્ટીમાં હજુ પણ જીવંત છે. તેના જવાબમાં કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમે કહ્યું કે આ વખતે જનતાએ દેશને બીજી કટોકટીમાંથી બચાવવા માટે વોટ આપ્યો છે. આપણા બંધારણે જ લોકોને બીજી કટોકટી આવવાથી રોકવા માટે યાદ અપાવ્યું છે.

સંસદનું સત્ર શરૂ થવાના અડધા કલાક પહેલાં (૨૪ જૂનથી ૩ જુલાઈ) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈમરજન્સીનો ઉલ્લેખ કર્યો હતો. '૨૫મી જૂન એ ભૂલી ન શકાય એવો દિવસ છે. આ દિવસે બંધારણનો સંપૂર્ણ અસ્વીકાર કરવામાં આવ્યો હતો. ભારતને જેલમાં ફેરવવામાં આવ્યું હતું. લોકશાહીને સંપૂર્ણ રીતે દબાવી દેવામાં આવી હતી.'તેમણે કહ્યું હતું કે, 'ભારતની લોકશાહી અને લોકતાંત્રિક પરંપરાઓની રક્ષા કરતી વખતે દેશવાસીઓ પ્રતિજ્ઞા લેશે કે ભારતમાં જે તે સમયે કરવામાં આવ્યું હતું તેવું કંઈ કરવાની હિંમત ફરી કોઈ નહીં કરે. ભારતની નવી પેઢી ક્યારેય ભૂલી શકશે નહીં કે કટોકટી દરમિયાન બંધારણને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું.' તત્કાલિન પીએમ ઈન્દિરા ગાંધીના કહેવા પર રાષ્ટ્રપતિ ફખરુદીન અલી અહેમદે ઈમરજન્સી ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પછી ઈન્દિરા ગાંધીએ રેડિયોથી ઈમરજન્સીની જાહેરાત કરી. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં ૨૧ મહિના માટે ઈમરજન્સી લાગુ કરવામાં આવી હતીકટોકટીનાં મૂળિયાં ૧૯૭૧ની લોકસભા ચૂંટણીમાં હતા, જ્યારે ઈન્દિરા ગાંધીએ રાયબરેલી બેઠક પર સંયુક્ત સમાજવાદી પાર્ટીના રાજનારાયણને એક લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. પરંતુ રાજનારાયણ ચૂંટણીમાં ગોટાળાનો આરોપ લગાવીને અલ્હાબાદ હાઈકોર્ટ પહોંચ્યા હતા. ૧૨ જૂન, ૧૯૭૫ના રોજ હાઈકોર્ટે ઈન્દિરાની ચૂંટણી રદ કરી હતી અને તેમના પર ૬ વર્ષ માટે ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

અરજદારને તેની અરજી સાથે હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું

# હાથરસ નાસભાગની તપાસ કરતી અરજી પર સુનાવણી કરવાનો સુપ્રીમનો ઈન્કાર

(એ.આર. એલ),નવીદિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે હાથરસ નાસભાગની તપાસ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની નિષ્ણાત સમિતિની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. ૨ જુલાઈના રોજ નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થયા હતા. CJI જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે કહ્યું કે આ એક હેરાન કરનારી ઘટના છે, પરંતુ તે આ મામલાને ધ્યાનમાં લઈ શકતી નથી અને હાઈકોર્ટ આવા મામલાઓનો સામનો કરવાની સત્તા ધરાવતી કોર્ટ છે. સુપ્રીમ કોર્ટે અરજદારને તેની અરજી સાથે હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું.



વાસ્તવમાં, અરજીમાં એડવોકેટ વિશાલ તિવારીએ ઉત્તર પ્રદેશ સરકારને ઘટના અંગે સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા અને અધિકારીઓ, કર્મચારીઓ અને અન્ય લોકો સામે તેમની બેદરકારી બદલ કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટે નિર્દેશની પણ માંગ કરી હતી.

કોઈપણ ધાર્મિક કે અન્ય કાર્યક્રમોમાં જનતાની સલામતી માટે નાસભાગ કે અન્ય ઘટનાઓ અટકાવવા માટે રાજ્યોને માર્ગદર્શિકા જારી કરવા નિર્દેશ આપવાની માંગ પણ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે સાકર વિશ્વહારી બાબા ઉર્ફે ભોલે બાબાનો સત્સંગ ૨ જુલાઈ મંગળવારના રોજ હાથરસના સિકંદરરાઉના ફૂલરાઈ મુગલગઢી ગામમાં શરૂ થયો હતો. ૮૦ હજાર લોકોની પરવાનગી છતાં ૨.૫ લાખથી વધુ લોકો સત્સંગમાં આવ્યા હતા. બાબાએ તેમના સત્સંગના અંતની જાહેરાત કરતાની સાથે જ બાબાની ખાનગી સેનાએ સ્થળની સમગ્ર વ્યવસ્થા સંપૂર્ણપણે પોતાના હાથમાં લઈ લીધી. પરંતુ બાબાની અંગત સેના કે પોલીસકર્મીઓ ભીડને સંભાળવા માટે પૂરતા ન હતા.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બાબાનો કાફલો પસાર થયો ત્યારે ભીડને રોકી દેવામાં આવી હતી. આ સમય દરમિયાન, અનુયાયીઓ પગની સંભાળ રાખવા માટે નિયંત્રણની બહાર ગયા. નાસભાગ દરમિયાન લોકો મરતા રહ્યા અને બાબાના સેવકો વાહનોમાં ભાગતા રહ્યા. કોઈએ રોકાઈને પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કર્યો નહિ.

૧૫ ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલે લઇ જવાયા

# તિરૂપતિ જતી બસનો ટ્રક સાથે અકસ્માત થતાં ૯ના મોત

તિરુપતિ,તા.૧૨

તિરુપતિ જતી બસનો ભયંકર અકસ્માત થયો. કોલાર નજીક શુક્રવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એક ટ્રકે મુસાફરોથી ભરેલી બસને ટક્કર મારી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ બસ મુસાફરો સાથે બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયાની માહિતી સામે આવી છે, જ્યારે અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. હાલ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તેમજ રાહત અને બચાવ કાર્ય કરવામાં આવી રહ્યું છે. પોલીસની ટીમ ઘાયલોને હોસ્પિટલ લઈ જવાની કામગીરી કરી રહી છે. ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



ખરેખર, આ ભયાનક માર્ગ અકસ્માત કોલાર નજીક નરસાપુરમાં થયો હતો. બસ બેંગલુરુથી તિરુપતિ જઈ રહી હતી. અકસ્માત બાદનો વીડિયો પણ સામે આવ્યો છે. પેસેન્જર બસના ફુરચા ઉડી ગયા છે અને રસ્તા પર કાગળો વિખરાયેલા છે. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા અનુસાર, ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે આ અકસ્માત થયો હતો.

# નેપાળમાં ભૂસ્ખલનથી બે બસ નદીમાં ખાબકતા ૭ ભારતીય સહિત ૧૧ ના મોત



(એ.આર.એલ),કાઠમાંડૂ,તા.૧૨

નેપાળમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. મધ્ય નેપાળમાં મદન આશ્રિત હાઈવે પર ભૂસ્ખલનની ભયાનક ઘટના બની હતી જેના કારણે લગભગ ૬૩ મુસાફરોને લઈ જતી બે બસ ત્રિશૂળી નદીમાં વહી ગઈ હોવાના અહેવાલ મળ્યાં છે. બંને બસમાં ડ્રાઈવરો સહિત કુલ ૬૩ મુસાફરો સામેલ હોવાની માહિતી છે. ચિતવનના મુખ્ય જિલ્લા અધિકારી ઈન્દ્રદેવ યાદવે ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે શરૂઆતની માહિતી મુજબ ભૂસ્ખલનને કારણે બસો સવારે આશરે ૩:૩૦ વાગ્યે નદીમાં વહી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૭ ભારતીયો સહિત કુલ ૧૧ લોકો મૃત્યુ પામી ગયા છે. જોકે અન્ય લોકોની શોધખોળ હજુ પણ જારી છે. મૃતકાંક વધી શકે છે. માહિતી અનુસાર ઘટનાસ્થળે ભારે વરસાદને પગલે રેસ્ક્યુ અને શોધખોળ અભિયાનમાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઘટના અંગે નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ટ્વિટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે નારાયણગઢ-મુગ્લિન રોડ પર ભૂસ્ખલનની લપેટમાં આવતા બસ નદીમાં વહી જતાં લગભગ ૬૦થી વધુ લોકો ગુમ છે.












**અમુક વિસ્તારમાં ધોધમાર વરસાદ તો અમુક વિસ્તારમાં માત્ર વરસાદી ઝાપટા પડી રહ્યાં છે**

# જિલ્લામાં મેઘો મન મૂકીને વરસતો નથી, સારા વરસાદની રાહ

**આખો દિવસ ઘટાટોપ વાદળોથી આકાશ ગોરંભાયેલુ રહે છે**

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં ચાર-પાંચ દિવસથી અમુક તાલુકામાં સામાન્ય વરસાદ પડી રહ્યો છે, જ્યારે ગઈકાલે અમરેલી જિલ્લાના માત્ર ખાંભા તાલુકામાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો.જ્યારે અન્ય તાલુકાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. આમ તો છેલ્લા ત્રણ દિવસ કરતાં વધુ સમયથી માત્ર ઘનઘોર વાદળો છવાયેલા રહે છે, પરંતુ મેઘો મન મૂકીને વરસતો નથી. ત્યારે આખો દિવસ આકાશ ઘટાટોપ વાદળોથી છવાયેલું રહ્યું અને સાંજ ઢળતા જ લોકોને આશા બંધાઈ હતી કે, ધોધમાર વરસાદ પડશે, પરંતુ આ





આશા ઠગારી નીવડી હતી અને અમરેલી જિલ્લો કોરો-ધાકડ રહ્યો છે. દેશભરમાં વરસાદે જોર પકડ્યું છે ત્યારે સમગ્ર દેશભરમાં અનેક જગ્યાએ ભારે વરસાદ વરસી રહ્યો છે. તેને લઈને દેશમાં અનેક જગ્યાએ પુર જેવી સ્થતિ પણ સર્જાય છે. દેશના અનેક રાજ્યો સહિત ગુજરાતમાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતમાં ભારે વરસાદને લઈને નદી નાળાઓમાં પાણીની આવક વધી છે. શહેરી વિસ્તાર હોય કે પછી ગ્રામ્ય વિસ્તાર હોય ત્યાં પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે જે રીતે અમરેલી જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી રહી છે તે પ્રમાણે વરસાદ પડતો નથી. અમરેલી જિલ્લામાં સતત વરસાદી ઝાપટા પડી રહ્યાં હોવાથી કાદવ-કિચડનું સામ્રાજય ફેલાયુ છે. આજે સવારના ૬થી સાંજના ૬ વાગ્યા સુધી સા. કુંડલામાં ૨૫ મીમી, બાબરામાં ૧૭ મીમી, લીલીયામાં ૨ મીમી, લાઠીમાં ૨ મીમી વરસાદ નોંધાયો છે. જો કે અન્ય તાલુકાઓમાં વરસાદ ન વરસતા લોકો સારા વરસાદની રાહ જોઈ રહ્યાં છે.

# ઉનાના ભાચા ગામે વાડીના કૂવામાં પડેલી દીપડીનું રેસક્યુ

ધારી,તા.૧૨

ધારી વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી જસાધાર રેન્જ ખાતે ભાચા ગામના બીજલભાઈ વંશની વાડીના કૂવામાં એક દીપડી પડી હોવાની જાણ ડીસીએફ રાજદીપસિંહ ઝાલાને થતા તાત્કાલિક આ બાબતની સૂચના વન અધિકારીઓને આપવામાં આવતા જસાધાર રેન્જનો સ્ટાફ તેમજ રેસ્ક્યુ ટીમ દ્વારા તાત્કાલિક



તસવીર : સંજય વાળા

ઘટનાસ્થળે પહોંચીને દીપડીને કૂવામાંથી બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. કૂવામાંથી દીપડીનું રેસક્યુ કર્યા બાદ જસાધાર એનિમલ સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી.

# શીતલ કુલ પ્રોડક્ટના સ્થાપક દિનેશભાઈ ભુવા અને મિત્ર મંડળે કેદારનાથ અને બદ્રીનાથના દર્શન કર્યા

અમરેલી, તા.૧૨

શીતલ કુલ પ્રોડક્ટ (શીતલ આઈસ્ક્રીમ)ના સ્થાપક દિનેશભાઈ ભુવા તેમજ તેમનું મિત્ર મંડળ તાજેતરમાં જ કેદારનાથ અને બદ્રીનાથની યાત્રાએ ગયા હતા. આ યાત્રામાં દિનેશભાઈ ભુવા, રાજેશભાઈ ઝાલાવાડીયા, દિનેશભાઈ હિરપરા, ભાવેશભાઈ નાકરાણી, જતીનભાઈ સુખડિયા, દિલીપભાઈ નાકરાણી, બકુલભાઈ



ભટ્ટ, કમલેશભાઈ બોઘાણી, ઘનશ્યામભાઈ શિંગાળા, જગદીશભાઈ કાકડીયા અને તેમનો પરિવાર ગયા હતા. યાત્રા દરમિયાન, ગ્રુપે બંને પવિત્ર ધામોના દર્શન કર્યા અને ભગવાન શિવનાં આશીર્વાદ મેળવ્યા. સર્વેએ આને અનમોલ અનુભવ ગણાવ્યો છે.

# સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ઓડિટોરિયમ હોલ બનાવવામાં આવશે

સાવરકુંડલા,તા.૧૨

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સાવરકુંડલાને વિકાસશીલ શહેર બનાવવાની નેમ અન્વયે સાવરકુંડલામાં સ્વર્ણિમ જયંતી ચીફ મિનિસ્ટર અર્બન ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ઓડિટોરિયમ હોલ ૮ કરોડના ખર્ચ બનશે જેનું ખાતમુહૂર્ત મુખ્ય મહેમાન સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે તારીખ ૧૩/૭/૨૪ ને શનિવારે



સવારના ૧૦ કલાકે ઓપન થિયેટરની બાજુમાં કરવામાં આવશે. આ ઓડિટોરિયમથી સેન્ટ્રલ એ.સી., ૫૦૦ સીટ અરેંજમેન્ટ, સ્ટેજ તથા સાઉન્ડ પ્રુફ સિસ્ટમ, ફિલ્ટર પ્લાન્ટ, પાર્કિંગ સહિતની સુવિધા મળી રહેશે.

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી)નો શપથગ્રહણ સમારોહ યોજાયો

અમરેલી, તા.૧૨

અમરેલીમાં લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) નો લાયન વર્ષ ૨૦૨૪-૨૫ ના પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ રવિવારે યોજાયો હતો. ધ્વજવંદના લાયન અશ્વિનભાઈ ડોડીયા અને સ્વાગત ઉદ્દબોધન લાયન કિશોરભાઈ શિરોયા દ્વારા થયા બાદ ખેસ તેમજ મોમેન્ટો આપી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ તકે મુખ્ય મહેમાનોમાં નાયબ મુખ્ય દંડક-ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, લાયન ડો.હાર્દિકભાઈ મહેતા, સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, નાગરિક બેંકના પૂર્વ ચેરમેન પી.પી.સોજીત્રા, પાસ ડીસ્ટ્રીકટ ગર્વનર લા.વસંતભાઈ મોવલીયા, પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણી, લા.કમલભાઈ સેલાર, લા.કાંતિભાઈ વઘાસીયા, લા.રમેશભાઈ વિઠલાણી,



લા. વિજયભાઈ વસાણી ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ-૩૨૩૨-જે દ્વીતીય ડીસ્ટ્રીકટ વાઈસ ગર્વનર લાયન ડો. હાર્દિક મહેતાએ દિપ પ્રાગટય કરી નવનિયુકત ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. લાયન વર્ષ ૨૦૨૩-૨૪નો સેવાકીય અહેવાલ લાયન ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. લાયન વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન થયેલ લાયન્સ કલબની વિશિષ્ટ માનવતાવાદી સેવાકીય કામગીરીમાં સતત સહયોગ આપવા બદલ મહેશભાઈ બારેવાડીયા, બાલમુકુંદ જવેલર્સના નિતીનભાઈ રાજપરા, સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ભુરખીયા હનુમાનજી મંદિર ચેરીટેબલ ટ્રસ્ટના ગોપાલભાઈ ચુડાસમા, સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ સાહેબ વતી વિશાલભાઈ વ્યાસનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨-જે ના દ્વિતીય વાઈસ ગર્વનર લાયન શપથગ્રહણ અધિકારીનો પરિચય લાયન પ્રા.પરેશભાઈ કાનપરીયા દ્વારા આપવામાં આવ્યો હતો.

# મિશન વિસ્તાર કાર્યક્રમ હેઠળ ભાવનગર અને અમરેલીમાં આમ આદમી પાર્ટીની બેઠક યોજાશે

અમરેલી,તા.૧૨

મિશન વિસ્તાર કાર્યક્રમ હેઠળ ભાવનગર અને અમરેલીમાં આમ આદમી પાર્ટીની બેઠક યોજાશે. આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલ ઈટાલીયા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અમરેલી તથા અન્ય પ્રદેશ નેતા ગણ બંને બેઠકોમાં હાજરી આપશે. આ કાર્યક્રમ અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ ગુજરાતના તમામ ૩૩ જિલ્લા અને આઠ મહાનગરપાલિકાઓની મુલાકાત લેશે અને ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથના બુથ નિર્માણ વિશે મહત્વપૂર્ણ નિર્ણય લેશે અને આગામી રણનીતિ બનાવશે. આ કાર્યક્રમ અંતર્ગત આજે ૧૩ જુલાઈના રોજ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાનભાઈ ગઢવી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલભાઈ ઈટાલીયા અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા અમરેલી અને ભાવનગર જિલ્લા ખાતે આયોજિત બેઠકમાં ભાગ લેશે. અમરેલી જિલ્લાની બેઠક સવારે ૧૦:૦૦ વાગે કેરિયા રોડ બાયપાસ પાસે આવેલ મુક્તિધામ સામે બાળ હનુમાન ખાતે આયોજીત કરવામાં આવી છે. અને સાંજે ૫:૦૦ વાગે ભાવનગરના સર્કિટ હાઉસ ખાતે ભાવનગર જિલ્લાની બેઠક યોજવામાં આવી છે. ભાવનગર ખાતે આયોજિત બેઠકમાં કાર્યકારી અધ્યક્ષ રાજુભાઈ સોલંકી, પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી, પ્રદેશ ઉપાધ્યક્ષ ગિરધરભાઈ પંડ્યા, શહેર પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, જિલ્લા કાર્યકારી પ્રમુખ હસમુખભાઈ દોમડીયા સહિત સ્થાનિક હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ હાજર રહેશે. અમરેલી ખાતેની બેઠકમાં અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા સહિત સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# લાઠીમાં ભરબજારે આખલા યુધ્ધથી રાહદારીઓમાં ભયનો માહોલ

લાઠી,તા.૧૨

લાઠીમાં ચાવંડ દરવાજા પાસે ભરબજારમાં બે આખલા બાખડયા હતા. જેના પગલે આસપાસના સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. ભરબજારે આખલા યુદ્ધ શરૂ થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. લાઠી શહેરમાં હજી પણ રખડતા ઢોરનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે. રોડની વચ્ચોવચ્ચ બે આખલા



તસવીર : જગદીપ ખેર

વચ્ચે યુદ્ધ સર્જાતા સ્થાનિકોએ આખલાઓને છુટા પાડવાની કોશિષ કરી હતી પરંતુ સફળતા મળી નહોતી રખડતા ઢોર સામે પાલિકાની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

# બગસરાના નવી-જુની હળીયાદ વચ્ચે આવેલ કોઝવેની કામગીરીમાં લોલમલોલ

બગસરા, તા.૧૨

બગસરા તાલુકાના નવી જૂની હળિયાદ વચ્ચે આવેલા કોઝવેમાં પાઈપ નાખીને પુલનું કામ કરવામાં આવેલ હોય આ પાઈપ ઉપર આછો એવો આરસીસીનો માલ નાખીને કોન્ટ્રાક્ટર જતા રહ્યા છે. જે પહેલા જ વરસાદે આરસીસીનો માલ ઉખડીને બહાર આવતા કોન્ટ્રાક્ટર દ્વારા તેની ઉપર કાચી માટીનું ટ્રેક્ટર ઠાલવીને નબળું કામ છુપાવવાનો પ્રયત્ન કરેલ છે. હાલ આ પુલ ઉપરથી પસાર થતા વાહન ચાલકોને વાહન ચલાવવા માટે મુશ્કેલીનો સામનો કરવો



તસવીર : વી.કે. સાગાંણી

પડે છે. આ બાબતે લાગતા વળગતા અધિકારીઓ દ્વારા આની યોગ્ય તપાસ કરીને આવા નબળા કામ કરનારા કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટમાં નાખવામાં આવે અને કામગીરી બાબતે યોગ્ય તપાસ કરવામાં આવે તેવી આ ગામના લોકોની ઉગ્ર માગણી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારું કૃત્ય

# હનુમાનગાળા મંદિરને બચાવવા માટે ભક્તોનું આવેદનપત્ર, વનવિભાગે કરી સ્પષ્ટતા

ખંભા, તા.૧૨

ભારદ્વાજ આશ્રમ બચાવ સમિતિ, તાલુકાના સરપંચો અને અન્ય સંસ્થાઓ દ્વારા આજે ખંભા તાલુકામાં આવેલા હનુમાનગાળા ભારદ્વાજ આશ્રમ અને હનુમાન મંદિરને બચાવવા માટે જંગલખાતા દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોનો વિરોધ કરવામાં આવ્યો હતો. આશ્રમના મહંતને જંગલખાતા દ્વારા આગામી ૧૪ જુલાઈ ૨૦૨૪ સુધીમાં આશ્રમ ખાલી કરી દેવાની મૌખિક સૂચના આપવામાં આવી છે. આ સૂચનાનો ભક્તોએ ખૂબ જ વિરોધ કર્યો છે અને તેને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારું કૃત્ય ગણાવ્યું છે. ભારદ્વાજ આશ્રમ હનુમાનગાળા ઘણા વર્ષોથી ધાર્મિક આસ્થાનું કેન્દ્ર રહ્યું છે અને ગુજરાતના ઘણા શહેરો અને ગામડાઓના ભક્તો અહીં આવે છે. જંગલખાતા દ્વારા આશ્રમ ખાલી કરાવવાના પ્રયાસોથી ભક્તોમાં ભારે રોષ ફેલાયો છે. ભારદ્વાજ આશ્રમ બચાવ સમિતિ દ્વારા આજે ખંભાના મામલતદારને આવેદનપત્ર આપીને આ સમગ્ર મુદ્દા તાત્કાલિક ઉકેલવાની માંગ કરી છે. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે જો આશ્રમ ખાલી કરાવવાના



પ્રયાસો બંધ નહીં કરવામાં આવે તો ભક્તો ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે. આ ઘટના ખાંભા તાલુકામાં ચર્ચાસ્પદ બની ગઈ છે અને ઘણા લોકોએ ભારદ્વાજ આશ્રમ અને મંદિર બચાવવા માટે ભક્તોને ટેકો આપ્યો છે.

આ બાબતે વનવિભાગે સ્પષ્ટતા કરી હતી કે હનુમાનગાળા એ એક ધાર્મિક આસ્થાનું સ્થળ છે. હનુમાનગાળા તેમજ આજુબાજુનો વિસ્તાર એ ગીરનો વિસ્તાર છે જેમાં સિંહ, દીપડા જેવા વન્યપ્રાણીઓનો વસવાટ છે. આવતા શ્રધ્ધાળુઓને રાત્રી રોકાણની મંજૂરી આપવામાં આવતી નથી કારણે કે, ગીર વિસ્તારનું સંરક્ષણ અને વ્યવસ્થાપન કરવું એ વનવિભાગની પ્રથામિક ફરજ છે. હનુમાનગાળા દર્શન માટે આવતા-જતા દર્શનાર્થીઓની સલામતી અને વન્યપ્રાણીઓની સુરક્ષા માટે વનવિભાગ દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે. રાત્રીના વન્યપ્રાણીઓને કારણે શ્રધ્ધાળુઓને જીવનું જોખમ થઈ શકે છે. તાજેતરમાં સ્થાનિક લોકો દ્વારા હનુમાનગાળાની ધાર્મિક જગ્યા વનવિભાગ દ્વારા બંધ કરવામાં આવી રહી છે તે બાબતે મોટી ગેરસમજ થઈ રહી છે. હનુમાનગાળા બંધ કરવા બાબતે કોઈપણ લેખીત કે મૌખિક નોટીસ આપવામાં આવી નથી. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હનુમાનગાળા શ્રધ્ધાળુઓ માટે ખુલ્લુ રાખવામાં આવશે.

# બાબરા શહેરમાં ગૌસેવકના પાસા રદ થતા સન્માન કરાયુ

## ગજેન્દ્રભાઈ શેખવાની પાલનપુર જેલમાંથી મુક્તિ

બાબરા,તા.૧૨

બાબરા વિશ્વ હિન્દુ પરિષદના તાલુકા પ્રમુખ, ગૌરક્ષક, સામાજિક કાર્યકર એવા ગજેન્દ્રભાઈ શેખવા પાસાના વોરંટમાં ૯ દિવસ



તસવીર : વિજય માળી

પાલનપુરની જેલમાં રહી મુક્ત થતા અમરેલી જિલ્લાની અને બાબરા વિશ્વ હિન્દુ પરિષદની ટીમ, બાબરા ચેમ્બર ઓફ કોમર્સ, જીવદયા પરિવાર, વેપારી મહામંડળ, બજરંગ દળ, તમામ હિન્દુ સંગઠન, કિસાન સંઘ, તમામ જ્ઞાતિના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને અમરેલીની ટીમ ગજેન્દ્રભાઈ શેખવાને સત્કારવા ખાસ હાજર રહી હતી. જિલ્લા અને બાબરાની ગૌરક્ષકની ટીમે પણ ગજેન્દ્રભાઈ શેખવાનું ફૂલહાર કરી સ્વાગત કર્યું હતું.

# બગસરામાં સર્વાંગી વિકાસ ટ્રસ્ટ દ્વારા ૨૦૦૦ વૃક્ષ વાવવાનો સંકલ્પ

બગસરા, તા.૧૨

સર્વાંગી વિકાસ ટ્રસ્ટ દ્વારા આવતી કાલે ૨૦૦૦ વૃક્ષ વાવી તેનો ઉછેર કરવાની મહત્વાકાંક્ષી યોજનાનો પ્રારંભ કરવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ પર્યાવરણનું સંરક્ષણ અને શહેરને વધુ લીલું બનાવવાનો છે. ટ્રસ્ટ દ્વારા વાવવામાં આવનારા મોટાભાગના વૃક્ષો લીમડા અને જંગલી પ્રજાતિના હશે. ટ્રસ્ટ આ વૃક્ષોના સંપૂર્ણ ઉછેર અને જતનની જવાબદારી પણ લેશે, જેમાં પાણી પુરવઠો, જાળી કામ અને ખાતરનો સમાવેશ થાય છે. આ યોજના શહેરમાં આ પ્રકારની પ્રથમ હોવાનું માનવામાં આવે છે, જ્યાં કોઈ ટ્રસ્ટ આટલા મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરી રહ્યું છે. ટ્રસ્ટ ૮૦-G ની માન્યતા ધરાવે છે, જે દાતાઓને કરવેરામાં છૂટ મેળવવાની સુવિધા આપે છે. ટ્રસ્ટ ૫૦ વર્ષથી વધુ સમયથી શહેરમાં સક્રિય રીતે કાર્ય કરી રહ્યું છે અને શિક્ષણ અને સામાજિક ક્ષેત્રમાં ઘણું યોગદાન આપ્યું છે. આ યોજના હેઠળ, ટ્રસ્ટ લોકોને વૃક્ષ દાતા બનવા અને પર્યાવરણ સંરક્ષણમાં ભાગ લેવા માટે આમંત્રણ આપે છે. દાતાઓ રૂ.૨૫૦૦ માં

**મોટાભાગના વૃક્ષો લીમડા અને જંગલી પ્રજાતિના હશે**

પોતાના નામનું વૃક્ષ વાવી શકે છે અને તેની સંભાળ ટ્રસ્ટ દ્વારા લેવામાં આવશે. આ યોજના શહેરના લોકો માટે પ્રેરણાદાયક બનશે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધારવામાં મદદ કરશે.

૨૦ કિમી ફરીને અન્ય ગામોમાં જવું પડે છે

# ચાંદગઢ-જીરા અને ચાંદગઢ-ચરખા માર્ગ મંજૂર કરવા માંગ

**આઝાદીના આટલા વર્ષો બાદ પણ કાચા રસ્તે પસાર થતા લોકો**

અમરેલી,તા.૧૨

અમરેલી તાલુકાના ચાંદગઢ - જીરા ગામ વચ્ચેનો આશરે ૪ કિમીનો કાચો રસ્તો ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાથી બંધ થઈ જાય છે, જેના કારણે ગ્રામીણોને ૨૦ કિમી ફરીને અન્ય ગામોમાં જવું પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે ગ્રામીણોએ આ રસ્તાને નવો બનાવવાની માંગ કરી છે. આ ઉપરાંત, ચાંદગઢ-ચરખા માર્ગ (અમરેલી-સાવરકુંડલા રાજ્ય ધોરી માર્ગ) પર આવેલો ૩ કિમીનો માર્ગ પણ ખરાબ સ્થિતિમાં છે. ગ્રામીણોએ આ માર્ગને પણ મકાન વિભાગ અથવા પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના હેઠળ મંજૂરી આપી ઝડપથી બનાવવાની માંગ કરી છે. ગ્રામીણોએ ઝડપથી કાર્યવાહી કરવાની માંગ કરી છે જેથી ચોમાસા દરમિયાન આ સમસ્યાનો સામનો કરવો ન પડે.

ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગોથી બચવા માટે

# નાના ભંડારીયામાં ડેન્ગ્યુ માસની ઉજવણી, ડેન્ગ્યુ મુક્ત ગામ બનાવવાનો પ્રયાસ

**ટીમે ગામમાં ખુલ્લી ટાંકીઓમાં ગપ્પી માછલીઓ છોડી જે મચ્છરના ઇંડા ખાઈને તેમની વસ્તી ઘટાડવામાં મદદ કરે છે**

મોટા આંકડિયા,તા.૧૨

આરોગ્ય કેન્દ્ર મોટા આંકડિયાના સબ સેન્ટર નાના ભંડારીયામાં જુલાઈ માસ ડેન્ગ્યુ માસ ઉજવણી અંતર્ગત ગામમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગોથી બચવા માટે ગામલોકોને જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મેલેરિયા અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી અને મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝર, સરપંચ નરેશભાઈ ત્રાપસિયા અને આરોગ્ય કર્મચારી પી.એચ. દાફડા અને આશાબેનની ટીમ દ્વારા ઘરે ઘરે જઈને સર્વે કરવામાં આવ્યો હતો. ટીમે ગામલોકોને




ડેન્ગ્યુ અને મેલેરિયાના લક્ષણો તેમજ આ રોગોથી બચવાના ઉપાયો વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત, ટીમે ગામમાં ખુલ્લી ટાંકીઓમાં ગપ્પી માછલીઓ છોડી હતી જે મચ્છરના ઈંડા ખાઈને તેમની વસ્તી ઘટાડવામાં મદદ કરે છે. સ્કૂલના બાળકોને પણ આ રોગોથી બચવા માટે જરૂરી સાવચેતીઓ શીખવવા માટે શાળાઓમાં આરોગ્ય શિક્ષણ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.આ ઝુંબેશ દ્વારા ગામલોકોમાં ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગામલોકોને ટાંકીઓ ખુલ્લી ન રાખવા અને અન્ય પાણીનો ભરાવો ટાળવા, તેમજ ઘરોની આસપાસ સફાઈ રાખવા અપીલ કરવામાં આવી હતી.

# જિલ્લામાં ગટરની સફાઈ માટે સેફ્ટી વગર માણસો પ્રવેશી શકશે નહી

**સેફ્ટી વગર સફાઈ થતી હોય તો સરકારે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો**

અમરેલી,તા.૧૨

અમરેલીમાં ગટરની સફાઈ દરમિયાન જરૂરી સેફટી વગર માણસો અંદર પ્રવેશી શકશે નહી. જેના માટે ભારત સરકાર દ્વારા ૧૪૪૨૦ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે ભારત સરકારના આવાસ અને શહેરી વિભાગે પત્ર જાહેર કર્યો છે. મેન્યુઅલ સ્કવેન્જીંગ એક્ટ હેઠળ તેમજ સફાઈ કર્મચારીઓના કલ્યાણ અને સુરક્ષા ભારત સરકાર માટે અગ્રતાનો વિષય છે. અહીં ગટર અને સેપ્ટિક ટાંકીમાં સફાઈ અને મેઈન્ટેનન્સ માટે માણસોનો પ્રવેશ દૂર કરવા ભારત સરકારે હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે. જેના કારણે અમરેલી નગરપાલિકામાં મેન્યુઅલ સ્કવેન્જીંગ એક્ટ હેઠળ તેમજ સફાઈ કર્મચારીઓના કલ્યાણ અને સુરક્ષા માટે ગટર તથા સેપ્ટિક ટાંકીમાં સફાઈ ઉપરાંત મેઈન્ટેનન્સ માટે સેફટીના સાધનો વગર માણસો પ્રવેશી શકશે નહી. અહીં સેફટી વગર કામગીરી ચાલતી હોય તો લોકોને હેલ્પલાઈન નંબર ૧૪૪૨૦ પર જાણ કરવા અપીલ કરી હતી.

# ધારી ખાતે આજરોજ તુલસીશ્યામ રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવશે

ધારી,તા.૧૨

ધારીની યોગીજી મહિલા કોલેજ ખાતે આજે શનિવારે બપોરના ૪ કલાકે ધારી-તુલસીશ્યામ રોડના વાઈડનિંગ અને નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત સાંસદ ભરતભાઈ સુતરિયાના વરદ હસ્તે યોજાનાર છે. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહેશે તેમજ આ કાર્યક્રમમાં આપણાં નવા ચૂંટાયેલા સાંસદનું સન્માન ધારી તાલુકા ભાજપ પરિવાર, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, વિવિધ સમાજો, સંસ્થાઓ અને ધારી તાલુકાના સરપંચો દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના આગેવાનો, પૂર્વ ધારાસભ્યો, જિલ્લા ભાજપના હોદ્દેદારો, તાલુકા ભાજપના હોદ્દેદારો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધારી તાલુકા ભાજપના વિવિધ મોરચાના હોદ્દેદારો, ધારી તાલુકા ભાજપના આગેવાનો, સરપંચો તથા દરેક સમાજના આગેવાનોને ઉપસ્થિત રહેવા ધારી તાલુકા ભાજપ પરિવારે આમંત્રણ પાઠવેલ છે.

## અવસાન નોંધ

**ગાંધીધામ**

સ્વ. દિનેશભાઈ ગોવિંદભાઈ વાજાનું તા.૧૧/૭/૨૪ના રોજ અવસાન થયેલ છે. તે મઘવજીભાઈ, રમેશભાઈના નાનાભાઈ અને નિલેશભાઈના મોટાભાઈ તથા ગં.સ્વ.જ્યોત્સનાબેનના પતિ, અમીરશીભાઈ પરમાર મેસવાણના જમાઈ, ધીરેન તથા હિતેશના પિતા થાય અને મિત્તલ ધિરેનભાઈ તેમજ રિતુ હિતેનભાઈના સસરા, જીતેન્દ્ર, વિમલ, દેવાંગના કાકા થાય છે. તેમની પ્રાર્થના સભા શનિવાર ૧૩/૭/૨૪ના રોજ સાંજે ૪થી ૬ સાધુ વાસવાની ઇન્ટરનેશનલ સ્કૂલ, લીલાશાનગર, ગાંધીધામ કચ્છ ખાતે રાખેલ છે.


**સંકુલ ગર્લ્સ હોસ્ટેલ - ૧૯૯૭ થી ક્રમશ કાર્યરત**

* શ્રીમતિ અમૃતબેન મીઠાભાઈ ઠુંમર લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૧
* શ્રીમતિ કુંવરબેન પરબતભાઈ ડાવરીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૨
* શ્રીમતિ મણીબેન ભીમજીભાઈ સોજીત્રા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૩
* શ્રી ભનુભાઈ કુરજીભાઈ રાદડીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૪
* શ્રીમતિ કમળાબેન અરજણભાઈ સાવલીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૫
* શ્રીમતિ ફુલબાઈબેન જેરામભાઈ વેકરીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૬
* શ્રીમતિ કાશીબેન નાગજીભાઈ કથીરીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૭
* શ્રીમતિ જવલબેન ઠાકરશીભાઈ રામાણી લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૮
* શ્રીમતિ મુક્તાબેન કાનજીભાઈ સાવલીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૯A
* શ્રી લવજીભાઈ ડી. ડાલીયા & જયંતિભાઈ વી બાબરીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૯B
* શ્રી જેરામભાઈ પદમશીભાઈ કાસોદરીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૧૦A
* શ્રીમતિ અંબાબેન હરીભાઈ રાદડીયા લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૧૦B
* શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ – લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૧૧A
* શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ – લેઉવા પટેલ ગર્લ્સ હોસ્ટેલ – ૧૧B
* શ્રીમતિ સવિતાબેન સોમચંદભાઈ ઝવેરી લેઉવા પટેલ ગર્લ્સ PHC હોસ્ટેલ – ૧૨

★ ૪ થી ૫ માળની કુલ હોસ્ટેલ - ૧૨ ★ કુલ રૂમ - ૯૯૦ ★ કુલ બેડ - ૫૩૩૫

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 055

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

**શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ**
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







**વી. કે. મોટર્સ**
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# બાબરામાં નરેશભાઈ પટેલના જન્મદિવસે ભૂલકાઓને બિસ્કિટ વિતરણ કરાયું

બાબરા, તા.૧૨

ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન અને મેનેજમેન્ટ ગુરુ નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે બાબરા શહેર તેમજ તાલુકા ખોડલધામ સમિતિ દ્વારા આંગણવાડીના નાના ભૂલકાઓને બિસ્કિટ વિતરણ કરવામાં આવ્યું હતું. મા ખોડલના આશીર્વાદ નરેશભાઈ ઉપર કાયમી બની રહે એવી મા ખોડલને પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાબરા તાલુકા કન્વીનર શંભુભાઈ પાંચાણી, મગનભાઈ કોઠીયા, મગનભાઈ કોલડિયા, સુરેશભાઈ ભાલાળા, અશ્વિનભાઈ ટાઢાણી, મનસુખભાઈ પલસાણા, બાબરા તાલુકા યુવા કન્વીનર પ્રવીણભાઈ કરકર, બાબરા શહેર કન્વીનર ધર્મેશભાઈ વાવડીયા, જગદીશભાઈ વાવડીયા, કપિલભાઈ ચોવટીયા, ભાવેશભાઈ કાંસોદરીયા ઉપસ્થિત રહ્યા હતા.



# બગસરા તાલુકાના પટેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે

## આ સમારંભ આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન બગસરા પટેલવાડી, ગોકુલપરા ખાતે યોજાશે

બગસરા,તા.૧૨

સરદાર પટેલ સોશ્યલ ગ્રૂપ, તાલુકા સંગઠન-બગસરા દ્વારા બગસરા તાલુકાના પટેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા માટે એક સમારંભનું આયોજન કરવામાં આવશે. આ સમારંભ આગામી સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન બગસરા પટેલવાડી, ગોકુલપરા ખાતે યોજાશે. આ સમારંભમાં ધોરણ ૫ થી ૮ માં ૮૦% (A+) થી વધુ, ધોરણ ૯ થી ૧૦ અને ધોરણ ૧૨ માં ૭૫% થી વધુ, ધોરણ ૧૨ સાયન્સમાં ૬૦% થી વધુ તેમજ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટમાં ૫૫% થી વધુ ગુણ મેળવેલ તેમજ મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી અને અન્ય વિશિષ્ટ ફેકલ્ટીમાં ફાઈનલ ડિગ્રી મેળવેલ બગસરા તાલુકાના પટેલ સમાજના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ સમારંભમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ ૫ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં તેમની માર્કશીટની પ્રમાણિત નકલ, સંપૂર્ણ નામ, સરનામુ અને ફોન નંબર શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી.- ઠે. ગોકુલપરા, પટેલવાડી પાસે-બગસરા અથવા મેઘાણી હાઈસ્કૂલ-બગસરામાં પી.આર. નાકરાણી, પી. આર. રામાણી, જે.બી. ગેવરીયા, એમ.એમ. વાછાણી, એ.કે. પટેલને પહોંચાડવાની રહેશે. આ સમારંભ દ્વારા બગસરા તાલુકાના પટેલ સમાજના યુવાનોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન આપવાનો અને તેમની સિદ્ધિઓને સન્માનિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

# ધાબા પર માલઢોરની નીરણ લેવા ગયેલા યુવકને ગાળો બોલી ધમકી આપી

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદના મોટા માણસા ગામે રહેતો એક યુવક તેના મકાનના ધાબા ઉપર નાખેલી માલઢોરની નીરણ લેવા ગયો હતો. જેથી આરોપીને સારું નહીં લાગતા મુંઢ ઈજા કરી ઢીકાપાટુ માર્યા હતા. તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અગે જયદીપભાઈ ભાણાભાઈ જોગદીયા (ઉ.વ.૨૧) એ કાળાભાઈ દેહાભાઈ જોગદીયા, કાજલબેન કાળાભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તેના મકાનના ધાબા ઉપર નાખેલી માલઢોરની નીરણ લેવા ગયા હતા. જેથી બન્ને આરોપીને સારૂ નહીં લાગતા ઢીકાપાટુનો માર મારી, મુંઢ ઈજાઓ કરી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો લાભ મેળવવા માટે જરૂરી વિગતો અપડેટ કરવી

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારને પ્રતિ વર્ષ ત્રણ સમાન હપ્તામાં રુ. ૬,૦૦૦ની સહાય તેમના ખાતામાં-ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(ડી.બી.ટી.)ના માધ્યમથી ચુકવામાં આવે છે. કેન્દ્ર સરકારની વર્તમાન સૂચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ફરજિયાત પોતાના પી.એમ.કિસાન ખાતામાં ત્રણ વિગતો અપડેટ કરવી જરુરી છે, જેમાં લેન્ડ સીડિંગ એટલે કે, જમીનની વિગતો અપડેટ કરાવવી, બેંક સાથે આધાર સીડિંગ તથા ડી.બી.ટી. ઈનેબલ કરાવવું અને ઈ-કે.વાય.સી. કરાવવું. જે ખેડૂતોને પી.એમ. કિસાનની સહાય મળતી બંધ થઈ ગઈ હોઈ તેમણે આ ત્રણ વિગત અપડેટેડ છે કે નહિ તે ચેક કરવાનું રહે છે. લાભ મેળવતા ખેડૂતે પી.એમ.કિસાન વેબસાઈટ પર આ વિગતો ચેક કરી લેવાની રહે છે અથવા આ માટે ગ્રામપંચાયતના વી.સી.ઈ. મારફત અથવા ગ્રામસેવકની સહાય મેળવી તેમના મારફત આ વિગતો ચેક કરાવી શકાય છે. જો ઉપરોક્ત ત્રણ વિગતની સામે "NO"/"REJECTED" બતાવે તો લેન્ડ સીડિંગ(જમીનની વિગતો) અપડેટ કરાવવા માટે આપના તાલુકા પંચાયતનો સંપર્ક કરવો. બેંક સાથે આધાર સીડિંગ કરાવવા અને ડી.બી.ટી. ઈનેબલ માટે આપનું બેંક ખાતું હોય તે બેંકનો સંપર્ક કરી શકાશે અથવા આપની નજીકની ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંક (પોસ્ટ ઓફિસ) નો સંપર્ક કરીને આધાર લીંક બેંક એકાઉન્ટ ખોલાવી શકાશે. ઈ-કે.વાય.સી. કરાવવા માટે જે-તે ગામના ગ્રામસેવકનો સંપર્ક કરવો અથવા આપના ગામના વી.સી.ઈ.નો સંપર્ક કરીને આ વિગતો અપડેટ કરી શકાશે.

# સાવરકુંડલાનાયુવકનેઅમદાવાદ પાસિંગનીફોરવ્હીલેઅટફેટેલીધો

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલામાં રહેતો એક યુવક ટ્રેક્ટરના ડ્રાઈવરને રસ્તો બતાવવા પોતાની એક્ટિવા લઈને જતો હતો ત્યારે ફોર વ્હીલ ચાલકે ટક્કર મારી હતી. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બનાવ અંગે કમલેશભાઈ નનકાભાઈ મેસુરીયા (ઉ.વ.૩૮)એ જીજે-૦૧-કેજે-૪૨૭૯ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ઈંટો ખાલી કરાવવા માટે ટ્રેક્ટરના ડ્રાઈવરને રસ્તો બતાવવા માટે પોતાનું એક્ટિવા લઈને સાવરકુંડલા બાયપાસથી આગળ જગ્યા બતાવીને પરત પોતાની દુકાને જવા માટે નીકળ્યા હતા. તે સમયે બાયપાસ રોડ ઉપર આવેલી દીવાદાંડી પાસે પહોચતા સામેથી એક ફોર વ્હીલ ગાડી રજી. નં.જીજે-૦૧-કેજે-૪૨૭૯ ના ચાલકે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી તેમની એક્ટિવા સાથે ભટકાડી ઈજા પહોંચાડી હતી.

# સાવરકુંડલાના ધાર ગામે ચોકડી પાસેથી ફોર વ્હીલમાં થતી દારૂની હેરાફેરી ઝડપાઈ

**પરપ્રાંતના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૦ બોટલ મળી આવી**

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના ધાર ગામે ચોકડી પાસેથી ફોર વ્હીલમાં થતી દારૂની હેરાફેરીને પોલીસે ઝડપી પાડી હતી. દારૂની બોટલો સહિત ૩,૨૧,૨૦૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રણજીતભાઈ પીઠુભાઈ ખુમાણ ઉ.વ.૨૪ ધંધો-મજૂરી રહે. ગાધકડા તથા ભાવેશભાઈ ભોજભાઈ બોરીચા ઉ.વ.૨૯ રહે.ધાર નામના ઈસમો પીઠવડી- કેરાળા રોડ ધાર ગામ પાસે ચોકડી પાસેથી પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં પરપ્રાંતના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૦ બોટલ મળી આવી હતી. પોલીસે કાર, બે મોબાઈલ તથા દારૂની બોટલો મળી ૩,૨૧,૨૦૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમને આ જથ્થો સાવરકુંડલાના રામગઢ ગામના કુલદીપભાઈ ચંપુભાઈ ખુમાણે આપ્યો હોવાની કબૂલાત કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. વી.વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરના મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલયમાં ઉપયોગી પુસ્તક સંપુટ અર્પણ કરતા શિક્ષક

દામનગર, તા.૧૨

દામનગર શહેરની શેઠ એમ. સી. મહેતા હાઈસ્કૂલનાં પૂર્વ શિક્ષક સુરેશચંદ્ર ઠાકર પરિવાર દ્વારા દામનગરની સાહિત્ય જગતની શાન શ્રી મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પુસ્તકોનો સંપુટ ભેટ અર્પણ કર્યો હતો. દામનગર શહેરની કેળવણી માટે સતત ચિંતિત કર્મઠ શિક્ષક સુરેશચંદ્ર ઠાકર દ્વારા નોકરી વાંચ્છુક સ્પર્ધાત્મક પરીક્ષાર્થી માટેનાં પુસ્તકોનો સંપુટ અર્પણ કરતા સમગ્ર વિદ્યાર્થી જગતમાં આનંદની લાગણી પ્રસરી હતી. જેને લઈ મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય ટ્રસ્ટનાં સમગ્ર ટ્રસ્ટી મંડળે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



# સાવરકુંડલાના અમૃતવેલ ગામે ગાળોબોલવાનીનાપાડતાંછરીમારી

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના અમૃતવેલ ગામે એક યુવક ગાળો બોલતો હતો. જેથી તેને આમ કરવાની ના પાડતાં છરીથી હુમલો કરવામાં આવ્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે પ્રતાપભાઈ લખુભાઈ ખુમાણ (ઉ.વ.૪૪) એ કનુભાઈ ભુરાભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેના ભાઈનું નામ લઈને ગાળો બોલતો હતો. જેથી ગાળો આપવાની ના પાડતાં માથામાં લોખંડનો પાઈપ મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત કપાળે છરી મારી ઈજા પહોંચાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. પી.વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: સાતમ
તા. ૧૩-૦૭-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૩૨,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

**તા.૧૩-૦૭-૨૦૨૪ શનિવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

વૃષભ: આજનો દિવસ સામાન્ય રહેશે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે, જેના કારણે થોડી ખોટ રહેશે.

મિથુન: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

કર્ક: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તક મળશે. પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

તુલા: આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. સમાજમાં શુભ ખર્ચને કારણે તમારી ખ્યાતિ વધશે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

# અમરેલીજિલ્લાનાખેડૂતોનેખેતરફરતેતાર ફેન્સીંગ યોજના માટે દરખાસ્ત રજૂ કરવા અનુરોધ

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના જે ખેડૂતોને ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે પૂર્વ મંજૂરી મળી છે, તે ખેડૂતોએ સહાય મેળવવા માટે સમયમર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતીવાડી ખાતાની ખેડૂતલક્ષી યોજના પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવાની સહાયની યોજનામાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલ અરજીઓ અન્વયે તાર ફેન્સીંગ બનાવવા માટે આપવામાં આવેલ પૂર્વ મંજૂરીના અનુસંધાને સરકારના ઠરાવની જોગવાઈઓ મુજબ પૂર્વ મંજૂરીમાં આપેલ સમય મર્યાદા પૂર્ણ થવામાં હોય, જે ખેડૂતોએ સરકારના ઠરાવ અનુસાર ફેન્સીંગ બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ હોય, તેમણે તાર ફેન્સીંગ, એંગલ, થાંભલા વગેરે વસ્તુના ખરીદીના પાકા બિલ, મજૂરીના વાઉચર તેમજ અન્ય જરૂરી સાધનિક કાગળો સાથેની સહાય દરખાસ્ત તાત્કાલિક સંબંધિત ગામ- તાલુકાના ગ્રામસેવક અથવા વિસ્તરણ અધિકારી-ખેતીને તાત્કાલિક રજૂ કરવા જણાવવામાં આવે છે. અરજદાર દ્વારા સમય મર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે તો ખેડૂતો આ યોજનાનો લાભ લેવા માંગતા નથી તેવું માનીને આ પૂર્વ મંજૂરી આપોઆપ રદ -દફતરે થયેલ ગણાશે, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

# પ્રેમસંબંધમાંપુંજાપાદરગામના યુવકે ગળાફાંસો ખાઈ લીધો

લીલીયા, તા.૧૨

પુંજાપાદર ગામે રહેતા એક યુવકે પ્રેમસંબંધમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. જેને લઈ પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. દિનેશભાઈ પોપટભાઈ ગોહીલ (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમના ભત્રીજા મરણજનાર સંજયભાઈ શંભુભાઈ ગોહીલ (ઉ.વ.૩૫)ને તળાજાના બોરડા ગામની એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો અને પોતાના લગ્ન થઈ ગયા હોવાથી લાગી આવતાં ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યો હતો.

લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એલ.એન. પઠાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાંથી યુવક લાપતા બન્યો

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલામાં રહેતો એક યુવક ઘરેથી ચાલી નીકળ્યો હતો. જેની શોધખોળ કરવા છતાં કોઈ પતો નહીં મળતા પોલીસને જાણ કરી હતી. બનાવ અંગે અતુલભાઈ અમરશીભાઈ નારોલા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો લાલજી (ઉ.વ.૨૦) ૨૦-૨૨ દિવસ પહેલા કોઈને કહ્યા વગર ક્યાંક જતો રહ્યો હતો અને આજદીન સુધી મળી આવ્યો નથી.

# અમરેલી સેશન્સ કોર્ટના મુખ્ય દાદરા પાસે યુવકને અપશબ્દો બોલી ફડાકા ઝીક્યા

અમરેલી, તા.૧૨

અમરેલીમાં રહેતા વનરજભાઈ બાબુભાઈ ધાધલ (વણજારા)એ અમરેલીમાં જ રહેતા હંસાબેન રતિલાલ ઝાલા અને વિવેક દિપકભાઈ ઝાલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સેશન્સ કોર્ટ મુદતે ગયા ત્યારે સામાવાળા કોર્ટમાં હાજર હતા. તે દરમિયાન તેમની તેના બનેવી સાથે કોર્ટમાં થયેલી વાતચીતનું મનદુ:ખ રાખી અપશબ્દો બોલી ગાલ પર બે લાફા માર્યા હતા.

# દારૂ પીવાની ટેવ વાળા પતિએ મરી જવાની ધમકી આપતાં પત્નીને લાગી આવ્યું

## પતિના ત્રાસથી કંટાળી પરિણીતા પિયરમાં હતી

ચલાલા, તા.૧૨

ઈંગારોળા (ડુંગળી) ગામે રહેતી એક યુવતીના લગ્ન ચલાલામાં રહેતા યુવક સાથે થયા હતા. પતિને દારૂ પીવાની ટેવ હોવાથી પત્ની તે મૂકી દેવા સમજાવતી હતી. જેથી તેની સાથે પતિ માથાકૂટ કરતો હોવાથી કંટાળીને પિયર આવી હતી. આ દરમિયાન સસરા તથા સાળો સમજાવવા જતાં તેમને ઝેરી દવા પીને મરી જઈશ તેવી ધમકી આપી હતી. જેથી પત્નીને લાગી આવતાં ફિનાઈલ પી લીધું હતું. બનાવ સંદર્ભે નીરૂબેન કિરણભાઈ દાફડા (ઉ.વ.૨૩)એ પતિ કિરણભાઈ કેશુભાઈ દાફડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ કિરણને દારૂ પીવાની ટેવ હોય, જે ટેવ છોડવવાની (દારૂ મુકવાની) વાત કરતા, અવાર-નવાર ઝઘડો કરીને, માથાકૂટ કરતા, દારૂ નહી મૂકી અવાર-નવાર હેરાન-પરેશાન કરી, દુ:ખત્રાસ આપતા હતા. જેના કારણે બા-બાપુજીના ઘરે રિસામણે હોય અને ઓશીયાળુ જીવન જીવતા હતા. બે દિવસ પહેલા પતિએ તેમને ફોન કરીને ગાળો આપી હતી. જેથી તેમના બાપુજી તથા ભાઈ આરોપી પતિને સમજાવવા જતા, પોતે ઝેરી દવા પી' મરી જઈશ તેવી ગર્ભિત ધમકી આપી હતી. ઉપરાંત ફોન કરીને તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી, દારૂ બાબતે ઝઘડો કર્યો હતો. જે બાબતે તેમને લાગી આવતા ફિનાઈલના બે ઘુંટડા પી' જઈ જતા સારવારમાં દાખલ કર્યા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી.દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# ભારતની વિદેશનીતિથી અમેરિકા નારાજ

ભારતની રશિયા સાથેની મિત્રતાનો વધારો અમેરિકા માટે માથાનો દુ:ખાવો બનતો જાય છે કારણ કે, રશિયાને ચીન સાથે સારામાં સારા સંબંધો છે. આથી ભારત અને ચીનના સંબંધોમાં તનાવ ઘટી શકે છે. આના કારણે ભારતનો ચીન વચ્ચેનો અણબનાવ ઓછો થાય તે હકીકત છે. આનાથી અમેરિકા નારાજ છે અને તેણે આ નારાજગી વ્યક્ત પણ કરી છે. ભારતના અમેરિકા સાથેના સંબંધોમાં હવે પહેલા જેવી ઉષ્મા નહીં રહે એવો સૂર પેન્ટાગોને વ્યક્ત કરતા ભારતીય સમુદાયમાં એક પ્રકારની હતાશા જાગી છે. આમ છતાં આજે પરિસ્થિતિ એવી છે કે અમેરિકાને ભારત સાથેના સંબંધોમાં તિરાડ પડે તે પાલવે તેમ નથી. કારણ કે ભારતનું મહત્વ જેવું તેવું નથી આથી યુએસએ સ્ટેટ ડિપાર્ટમેન્ટ આ અંગે માત્ર ભારતના વલણ પ્રત્યે નારાજગી વ્યક્ત કરીને અટકી જશે. ભારત સાથેના સંબંધો અમેરિકા માટે અતિ મહત્વના છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગત સપ્તાહે રશિયાના સત્તાવાર પ્રવાસે ગયા હતા, તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે બેઠક કરી હતી. આ દરમિયાન બંને દેશ વચ્ચે વિવિધ ક્ષેત્રે ભાગીદારી વધારવા સમજૂતીઓ થઈ હતી. ભારત અને રશિયા વચ્ચે મજબુત થઈ રહેલા સંબંધોને કારણે અમેરિકા નારાજ થયું છે. નવી દિલ્હી અને મોસ્કો વચ્ચે વધતી જતી મિત્રતાએ ભારત-યુએસ વ્યૂહાત્મક ભાગીદારી અંગે પણ ચિંતાઓ ઊભી કરી હતી. વડાપ્રધાન મોદીની રશિયા મુલાકાત બાદ હવે અમેરિકાએ ભારત સાથેની વ્યૂહાત્મક ભાગીદારી અંગે મહત્વનું નિવેદન જાહેર કર્યું છે. અમેરિકાના જો બાઈડેન પ્રશાસને કહ્યું છે કે રશિયા સાથેના સંબંધો અંગે ચિંતા હોવા છતાં ભારત વોશિંગ્ટનનું વ્યૂહાત્મક ભાગીદાર રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨મી ભારત-રશિયા સમિટ માટે મોસ્કોની બે દિવસીય મુલાકાતે ગયા હતા. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ દમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વડાપ્રધાન મોદીની બેઠક પર પશ્ચિમી દેશોની નજર હતી. મંગળવારે પુતિન સાથે વાત કરતા મોદીએ તેમને કહ્યું કે યુક્રેન સંઘર્ષનો ઉકેલ યુદ્ધના મેદાનમાં શક્ય નથી અને બોમ્બ અને બંદૂકો વચ્ચે શાંતિના પ્રયાસો સફળ થતા નથી. અત્યારે અહીં ચાલી રહેલી નોર્થ એટલાંટિક-ટ્રીટી-ઓર્ગેનાઈઝેશન (નાટો)ના સભ્ય દેશોની પરિષદમાં ચીન ઉપર ઉગ્ર પ્રહારો કરવામાં આવ્યા હતા, સાથે રશિયા-ચીન દોસ્તી ગાઢ બની રહી હોવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મૂળભૂત રીતે ચીન જ યુક્રેન યુદ્ધમાં રશિયાને નિર્ણાયક સમર્થન આપી રહ્યું છે. આ પરિષદના અંતે પ્રસિદ્ધ કરાયેલા આખરી નિવેદન વૉશિંગ્ટન-ડેકલેરેશનમાં ચીન ઉપર આક્ષેપો મુકવા સાથે જણાવવામાં આવ્યું હતું કે ચીન તેના પરમાણુ શસ્ત્રોનો ભંડાર વધારતું જાય છે. સાથે અંતરિક્ષમાં પણ તેની શક્તિ પ્રસારતું જાય છે જે ચિંતાજનક છે. ચીને આ આક્ષેપોને રદિયો આપતાં કહ્યું છે કે, તેમની (રશિયાની) સાથેનો વ્યાપાર તો સામાન્ય પ્રકારના વ્યાપાર સમાન છે. ચીન કે રશિયા આ અંગે જે કહે તે પરંતુ સત્ય હકીકત એ છે કે અત્યારે ચીન અને રશિયા વચ્ચેના સંબંધો ટોચ ઉપર પહોંચ્યા છે. તે રશિયાને શસ્ત્રો નથી વેચતું પરંતુ શસ્ત્ર ઉત્પાદન માટે જરૂરી તેવાં મશીન-ટુલ્સ, ઈલેકટ્રોનિક્સ અને અન્ય ચીજો વેચી રહ્યું છે. જેથી તેની (યુક્રેન સામેની) યુદ્ધ શક્તિ પ્રબળ બને. ઉલ્લેખનીય છે કે ચીને રશિયાનાં યુક્રેન આક્રમણને કદી વખોડી કાઢ્યું જ નથી.

# વિશ્વ રંગમંચ પરથી કાર્ટૂન નેટવર્કની અણધારી એક્ઝિટ!!





**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિશ્વના કોઈપણ દેશનો બાળક બોલતો થાય તે પહેલા તે કાર્ટુન જોતો થઈ જાય છે. બાળક કોઈ ભાષા બોલી શકતો ન હોય છતાં પણ તે કાર્ટુન જોઈને આનંદિત થાય છે. કાર્ટૂન ફિલ્મ તેને ખૂબ ગમે છે. આજે જે લોકો જિંદગીના અંતિમ પડાવ તરફ ગતિ કરી રહ્યા છે તેવા સિનિયર સિટીઝનો પણ કાર્ટુન નેટવર્કની વિદાયથી દુઃખી છે. એક જ ઘરમાં રહેતા બાળકો અને વડીલો એક સાથે ટીવી જોઈ શકે તેવું કોઈ માધ્યમ હોય તો તે કાર્ટુન નેટવર્ક છે એના જેવી બીજી ચેનલો પણ શરૂ થઈ અને બંધ પણ થઈ ગઈ પણ કાર્ટૂન નેટવર્કનું સ્થાન આજે પણ અકબંધ છે આની સામે **chhota bheem,** બજરંગ બલી શક્તિમાન સહિતના કાર્ટૂન ફિલ્મો આવી. આમાં સ્પાઈડરમેન આજે પણ લોકો જોવે છે. માઈક્રોબ્લોગિંગ સાઈટ પર 'એનિમેશન વર્કસ ઈગ્નાઈટેડ' નામના એકાઉન્ટે 'કાર્ટૂન નેટવર્ક ઈઝ ડેડ?' મેસેજ સાથેનો વીડિયો પોસ્ટ કર્યા પછી આ ટ્રેન્ડ વધી ગયો. વાયરલ વીડિયોએ સૂચવ્યું હતું કે એનિમેશન બિઝનેસમાં મોટાપાયે છટણી એ ચેનલના સંભવિત બંધ થવાનું કારણ છે. વીડિયો સૂચવે છે કે કાર્ટૂન નેટવર્ક વ્યવહારિક રીતે બંધ છે અને અન્ય સમાન સ્ટુડિયો પણ પાછળ નથી. તે એનિમેશન કામદારોની દુર્દશા પર પ્રકાશ પાડે છે અને ચેનલને આવી રીતે બંધ કરવાથી રેકોર્ડ સંખ્યામાં એનિમેટરો બેરોજગાર થઈ શકે છે. એ પણ બહાર આવ્યું છે કે ઘણા એનિમેટર્સ એક વર્ષથી બેરોજગાર છે. તે સાચું છે જ્યારે કોવિડ પ્રથમ હિટ થયું, ત્યારે એનિમેશન સંપૂર્ણપણે દૂરસ્થ રીતે કામ કરવા સક્ષમ હતું. તેને મનોરંજનના એકમાત્ર સ્વરૂપોમાંનું એક બનાવવું જે ઉત્પાદન અવિરત ચાલુ રાખી શકે, પરંતુ સ્ટુડિયોએ પ્રોજેક્ટ્સ રદ કરીને, હજારો કામદારોને કામ પરથી રજા આપી દીધી, તમામ પ્રોજેક્ટ બંધ કર્યા, નવી એનિમેશન ફિલ્મો પણ બનાવવાનું બંધ કર્યું અને જૂની ફિલ્મોમાંથી કાઢી કાઢી ચેનલ ચાલુ રાખી આમ છતાં જાહેરાત દ્વારા મળતી આવક પણ બંધ થઈ પરિણામે ખર્ચ વધી ગયો અને ચેનલ બંધ કરવાનો વારો આવ્યો. આજે આ કંપની આઉટસોર્સિંગ જોબ્સ કામ મેળવીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પ્રયાસો કરશે અને કર્મચારીઓને બાકી પગાર પાછા ચૂકવવા પ્રયાસ કરશે. તેઓ આગળ જણાવે છે, "પરંતુ તેઓ આવું શા માટે કરશે? બીજું શા માટે? લોભ. મોટા સ્ટુડિયો ખર્ચમાં ઘટાડો કરીને અને સ્ટાફમાં ઘટાડો કરીને અને સીઈઓ અને એક્ઝિક્યુટિવ્સ પોતાને માટે નાણાકીય લાભો લણણી કરીને તેમની નાણાકીય સ્થિતિને વધુ સારી બનાવે છે. તેથી તેઓ કાપણી કરવા માંગે છે, પરંતુ તમે તમારા મનપસંદ કાર્ટૂન નેટવર્ક શો વિશે પોસ્ટ કરીને મદદ કરી શકો છો. જોકે, હવે કાર્ટૂન નેટવર્કે કોઈ નિવેદન આપ્યું નથી. તેઓએ શેર કર્યું, "કાર્ટૂન નેટવર્ક સ્પષ્ટ કરવા માંગે છે કે નેટવર્ક અથવા સ્ટુડિયો બંધ થઈ રહ્યા છે તેવી અટકળોમાં કોઈ સત્ય નથી. તાજેતરમાં જાહેર કરાયેલી અસંખ્ય ગ્રીનલાઈટ્સ સાથે, અમે નવીન સામગ્રીમાં રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ જે અમારા મનોરંજન અને પ્રેરણા આપે છે. વિશ્વભરના દર્શકો." કાર્ટૂન નેટવર્ક, ઑક્ટોબર ૧, ૧૯૯૨ ના રોજ લોન્ચ થયા પછી ૨૪-કલાકની અગ્રણી એનિમેશન ચેનલ, X (અગાઉ ટ્વિટર) પર **#RIPCartoonNªwork** વલણો તરીકે આજે વિવાદના કેન્દ્રમાં છે. એનિમેશન વર્કર્સ ઈગ્નાઈટેડના એક નિવેદન સાથે હંગામો શરૂ થયો હતો, જેમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે 'કાર્ટૂન નેટવર્ક અસરકારક રીતે મૃત્યુ પામ્યું છે,' એનિમેશન સ્ટુડિયોને અસર કરતા ઉદ્યોગ-વ્યાપી કટબેક્સને ટાંકીને. આ સમાચારે કાર્ટૂનના શોખીનો અને દર્શકોને એકસરખા દંગ કરી દીધા છે, ચેનલના નિર્માતાઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. વાયરલ વીડિયો કાર્ટૂન નેટવર્કના નજીકના દ્રશ્યને પ્રકાશિત કરે છે અને અન્ય સ્ટુડિયો માટે સમાન ભાવિની આગાહી કરે છે. તે એનિમેશન કામદારોની દુર્દશા પર પણ પ્રકાશ પાડે છે, જે સૂચવે છે કે છટણી અભૂતપૂર્વ સ્તરે પહોંચી શકે છે, ઘણા પહેલાથી જ એક વર્ષથી વધુ બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. કાર્ટૂન નેટવર્કની દશા દિવસે દિવસે બગડતી જાય છે. સ્ટુડિયો બંધ છે માત્ર કોર્પોરેટ ઓફિસ ચાલુ છે. વિશ્વભરના અગણિત બાળકો એવું ઈચ્છે છે કે આ ચેનલ બંધ ન થાય તો સારું આ માટે સોશિયલ મીડિયા પર જોરદાર પોઝિટિવ કોમેન્ટનો મારો ચાલી રહ્યો છે. અમેરિકા, યુરોપ સહિતના અનેક દેશોના બાળકો ને મોટેરાઓ પણ આ ચેનલ ચાલુ રહે તેમ દિલથી ઈચ્છી રહ્યા છે આમ છતાં વિશ્વના રંગમંચ પરથી આ ચેનલ વિદાય લઈ રહી છે તે એક વાસ્તવિકતા છે.





**વિશ્વભરમાં લોકપ્રિયતાના સર્વોત્તમ શિખર પર બિરાજતી કાર્ટૂન નેટવર્ક ચેનલ વિશ્વના રંગમંચ પરથી હવે કાયમી વિદાય લેશે**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૨૯ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૬૯ |
| જુવાર સફેદ | ૮૨૫ | ૮૯૦ |
| જુવાર લાલ | ૭૮૦ | ૯૮૧ |
| જુવાર પીળી | ૪૧૦ | ૫૦૦ |
| બાજરી | ૩૬૦ | ૪૫૦ |
| તુવેર | ૧૮૧૬ | ૨૪૦૧ |
| ચણા પીળા | ૧૧૭૦ | ૧૩૩૫ |
| ચણા સફેદ | ૧૫૦૧ | ૨૪૨૧ |
| અડદ | ૧૫૫૦ | ૧૯૩૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૧૩૦૦ | ૩૧૦૦ |
| વટાણા | ૯૫૦ | ૨૨૫૬ |
| સીંગદાણા | ૧૬૪૫ | ૧૮૧૦ |
| મગફળી જાડી | ૧૧૨૫ | ૧૩૦૦ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૪૦ |
| અળશી | ૬૫૧ | ૬૫૧ |
| તલી | ૨૧૫૦ | ૨૫૩૨ |
| સુરજમુખી | ૮૧૪ | ૮૧૪ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૮ |
| અજમો | ૧૮૫૦ | ૨૬૧૨ |
| સુવા | ૧૧૦૦ | ૧૬૨૦ |
| સોયાબીન | ૮૨૧ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૫૧૧ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૨૪૨ |
| લસણ | ૧૯૫૦ | ૩૧૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ધાણી | ૧૨૭૫ | ૧૬૯૧ |
| વરીયાળી | ૯૫૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૫૨૪૦ |
| રાય | ૧૧૩૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૮૦ | ૧૩૫૦ |
| અશેરીયો | ૨૧૦૬ | ૨૧૦૬ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૫૬૧૫ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૧૦૦ |
| બટેટા | ૨૮૦ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૬૦૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કોથમરી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવળ | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૫૦ | ૪૫૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૫૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| આદુ | ૧૯૩૦ | ૨૨૫૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઇ લીલી | ૨૮૦ | ૫૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૨૫ | ૧૧૯૪ |
| શિંગ મોટી | ૧૧૩૬ | ૧૨૦૧ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૦ |
| શિંગ ફાડા | ૧૨૫૦ | ૧૫૭૦ |
| તલ સફેદ | ૧૭૯૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૩૦૫૧ | ૩૨૪૫ |
| તલ કાશ્મીરી | ૩૪૨૧ | ૩૫૨૦ |
| બાજરો | ૪૨૫ | ૪૬૬ |
| જુવાર | ૪૦૦ | ૭૬૪ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૮૮ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૪ |
| ચણા | ૮૫૦ | ૧૩૩૬ |
| કપાસ | ૯૩૯ | ૧૫૮૮ |
| એરંડા | ૧૧૨૮ | ૧૧૬૦ |
| જીરું | ૪૭૩૦ | ૫૨૭૫ |
| રાય | ૭૦૦ | ૯૭૬ |
| ગમ ગુવાર | ૯૭૯ | ૯૭૯ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૩૫ |
| રજકાનું બી | ૪૧૭૫ | ૪૧૭૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૩૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૭૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કરેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાશીંગ | ૭૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૪૪૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| પરવળ | ૮૦૦ | ૯૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૯૦૧ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૨૩૧ |
| સિંગદાણા જાડા | ૧૪૨૧ | ૧૮૦૧ |
| સિંગ ફાડીયા | ૧૧૪૧ | ૧૫૮૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૨૦૧ |
| જીરૂ | ૩૧૦૧ | ૫૧૭૧ |
| ક્લોંજી | ૨૨૫૧ | ૩૮૦૧ |
| વરીયાળી | ૮૦૦ | ૧૧૭૬ |
| ધાણા | ૮૦૧ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૧૧૯૧ | ૩૬૨૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૬૬ |
| અડદ | ૧૩૫૧ | ૧૯૨૧ |
| તુવેર | ૧૩૯૧ | ૨૩૮૧ |
| રાયડો | ૯૫૧ | ૯૫૧ |
| મેથી | ૬૦૦ | ૧૧૦૧ |
| સુરજમુખી | ૮૨૬ | ૮૨૬ |
| મગફળી જાડી | ૮૦૧ | ૧૩૬૧ |
| મગફળી નવી | ૮૨૧ | ૧૩૫૬ |
| તલ – તલી | ૧૯૦૦ | ૨૫૫૧ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૨૨૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૬૫૧ |
| બાજરો | ૩૭૧ | ૪૮૧ |
| જુવાર | ૪૨૧ | ૮૯૧ |
| મકાઇ | ૪૬૧ | ૫૬૧ |
| મગ | ૧૨૧૧ | ૧૬૮૧ |
| ચણા | ૧૧૪૧ | ૧૩૧૬ |
| વાલ | ૫૧૧ | ૧૭૫૧ |
| ચોળા / ચોળી | ૧૨૦૧ | ૨૬૦૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૪૧ |
| ગોગળી | ૬૫૧ | ૧૦૬૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૩૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૮૮ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૧૪૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૫૨૭૨ |
| કપાસ | ૧૨૨૫ | ૧૫૫૩ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૯ |
| બાજરો | ૪૨૦ | --- |
| જુવાર | ૪૦૦ | ૮૫૬ |
| મગ | ૧૪૫૦ | ૧૫૯૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૦ |
| એરડી | ૧૦૦૦ | ૧૧૬૮ |
| સોયાબીન | ૮૨૦ | --- |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૪ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| તુવેર | ૮૦૦ | ૨૦૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૪૬ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૭૮૦ |
| શિંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૫૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૮ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૦૬ | ૧૫૬૪ |
| મગફળી | ૧૦૮૨ | ૧૧૪૮ |
| જીરૂ | ૪૭૯૫ | ૪૯૨૫ |
| ઘઉં | ૪૯૦ | ૫૪૦ |
| તલ સફેદ | ૨૩૭૦ | ૨૫૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૯૫૫ | ૧૧૭૫ |
| ઘઉં | ૫૩૧ | ૫૩૧ |
| ચણા | ૯૫૫ | ૧૨૫૫ |
| મગ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૦૧ | ૨૯૦૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૬૫૫ |
| શીંગ ફાડા | ૧૩૬૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૮૧૫ | ૮૩૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૧ | ૧૦૪૮ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૭૫૧ | ૨૭૫૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| બાજરો | ૪૪૮ | ૫૨૫ |
| બાજરો | ૪૪૮ | ૫૨૫ |
| ઘઉ ટુકડા | ૪૫૦ | ૫૬૩ |
| જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૪૮૦૧ | ૪૮૦૧ |
| શીંગદાણા | ૧૪૦૧ | ૧૬૮૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| **ખાંભા** | | |
| ચણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુવાર સફેદ | ૭૯૧ | ૭૯૧ |
| બાજરો | ૪૧૨ | ૪૧૨ |
| તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૧૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૬૧ | ૧૨૫૨ |
| મગ | ૧૫૦૦ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૧ |
| ધાણા | ૧૨૫૦ | ૧૨૫૩ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| જુવાર | ૪૧૧ | ૮૧૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| શીંગદાણા | ૧૨૩૦ | ૧૬૦૦ |
| શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૩૩૦ |
| લસણ | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૦૧ | ૧૧૮૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૧૧ | ૧૨૬૦ |
| એરંડા | ૧૧૬૨ | ૧૧૬૨ |
| જુવાર | ૪૫૦ | ૯૨૦ |
| બાજરી | ૩૭૦ | ૫૦૯ |
| ઘંઉ ટુકડા | ૪૩૪ | ૬૨૦ |
| મેથી | ૧૦૬૮ | ૧૦૬૮ |
| મગ | ૧૫૭૧ | ૧૬૫૨ |
| મઠ | ૧૧૬૬ | ૧૧૬૬ |
| સોયાબીન | ૭૨૫ | ૮૨૯ |
| ચણા | ૧૧૯૮ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૩૧ |
| તલ કાળા | ૨૮૩૧ | ૩૦૫૯ |
| ધાણા | ૧૦૮૫ | ૧૦૮૫ |
| જીરૂ | ૪૭૪૨ | ૪૭૪૨ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૫૯૦ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૩૪૧ |
| નાળીયેર | ૫૭૭ | ૧૭૮૦ |
| કપાસ | ૧૧૯૭ | ૧૩૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| મગફળી ૩૨ નં | ૧૧૦૦ | ૧૨૫૮ |
| બાજરી | ૪૧૧ | ૪૯૫ |
| ઘઉં | ૪૫૫૫ | ૫૯૧ |
| સફેદ તલ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| કાળા તલ | ૨૫૮૦ | ૩૨૪૨ |
| સોયાબીન | ૮૩૫ | ૮૮૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૪૬ |
| જુવાર | ૭૨૫ | ૮૩૩ |
| અડદ | ૧૭૫૦ | ૧૯૭૨ |
| મગ | ૧૪૦૦ | ૧૭૧૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૦ |

## શબ્દ સંજોગ-૧૮૩૫



**આડી ચાવી :**
(૧) ભગવાન વિષ્ણુ આ નામે પણ ઓળખાય છે. (૪)
(૪) પોતાના પ્રાંતનો જ વિચાર કરવાની સંકુચિતતા (૪)
(૭) બાબત, ગમ (૩)
(૯) વૃધ્ધાવસ્થા (૨)
(૧૦) ચોક્કસ, અનિશ્ચિત (૩)
(૧૧) પુણ્યાર્થે આપવું તે (૨)
(૧૨) પનોતી માટે જાણીતા દેવ (૨)
(૧૩) ગમ્મતનો મેળાવડો (૪)
(૧૬) બુદ્ધિ (૨)
(૧૭) કોઈપણ વસ્તુનો એક ભાગ(૨)
(૧૮) કાપીને મારવું તે (૨)
(૧૯) નમે નહીં એવું (૪)
(૨૧) નિશાન મારવા કિલ્લાની દીવાલમાં રખાતાં બાકાં (૨)
(૨૨) પ્રકૃતિ, સ્વભાવ (૨)
(૨૩) બફાવા પર આવવું તે (૩)
(૨૫) અડચણ, પ્રતિબંધ (૨)
(૨૬) કાગળ થયો આ-અ (૩)
(૨૭) ઉન્નતિ (૩)
(૨૮) મન ખુશ થાય તેવી મજેદાર ગમ્મત (૩)

**ઉભી ચાવી :**
(૨) ફિલ્મ કલાકાર અશોકકુમાર આ હુલામણા નામે ઓળખાતા (૪)
(૩) સૂર્ય, આદિત્ય (૨)
(૪) દેશનો વિભાગ (૨)
(૫) યજ્ઞ કરવો તે(૩)
(૬) ઝડપ, ઉતાવળ (૨)
(૮) આ મટી એટલે વૈદ વેરી (૩)
(૧૦) નબળું, કમતાકાત (૩)
(૧૧) નોકર, સેવક (૨)
(૧૩) તિથિ, તારીખ (૨)
(૧૪) મીઠું, સબરસ (૩)
(૧૫) એક રાશિ (૨)
(૧૬) મધમાખી દ્વારા મળે (૨)
(૧૭) એક રાશિ (૨)
(૧૮) નાનાં છોકરાંને થતો એક રોગ (૩)
(૧૯) નરકમાં પડવું તે, ખરાબ દશા (૪)
(૨૦) એક જૈન મંત્ર (૪)
(૨૧) માવતર (૩)
(૨૪) એક શાક (૩)

## શબ્દ સંજોગ-૧૮૩૪ જવાબ

**આડી ચાવી:** (૧) આબાન (૩) મહોરું (૬) રવાલ (૮) ડપેટો (૧૦) દોટી (૧૨) યમલ (૧૪) પેશલ (૧૬) ગતનીમ (ગનીમત) (૨૦) કણક (૨૧) ગરારા (૨૩) રીમ (૨૪) સનાબર (બનારસ) (૨૭) આડ (૨૮) શુભ (૨૯) અંક (૩૦) ભ્રમ.

**ઊભી ચાવી:** (૧) આયદો (૨) નર (૩) મલમ (૪) રુંડ (૫) ડાટો (૭) વાયલ (૯) પેશાની (૧૧) ટીપે (૧૩) લગણ (૧૫) શતાંશ (૧૭) તકરાર (૧૮) મન્યુ (૧૯) શૃંગ (૨૦) કલના (૨૨) રાઠોડ (૨૪) સબક (૨૫) બનાસ (૨૬) મભમ (૨૭) આઠી (૨૮) શુભ્ર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**આગામી ત્રણ વર્ષ માટે સેન્ટર દિઠ રૂ. ૧૦ કરોડ મળી કુલ રૂ. ૪૦ કરોડ રકમ ફાળવવામાં આવી**

# ગુજરાતમાં બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારનો નિર્ણય

**ખેડૂતોને બાગાયતી ખેતીલક્ષી અદ્યતન તાલીમ અને માર્ગદર્શન આપવા રાજ્યમાં નવા ચાર સેન્ટર ઓફ એક્સેલેન્સ સ્થપાશે : કૃષિ મંત્રી રાઘવજી પટેલ**

અમરેલી, તા.૧૨

અમરેલી, દાહોદ, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કુલ રૂ. ૪૦ કરોડના ખર્ચે બનનાર સેન્ટર ઓફ એક્સેલેન્સ કેન્દ્રો ખાતે બાગાયત ખેતીની નવી આધુનિક પદ્ધતિઓ અંગે તાલીમો અને નિદર્શનો ગોઠવવામાં આવશે. ફળ, શાકભાજી, મસાલા અને ફૂલ જેવા બાગાયતી પાકોની ખેતી વધુ ઉત્પાદન અને આવક આપતી હોવાથી રાજ્યના ખેડૂતોનો બાગાયતી ખેતી તરફ રસ વધ્યો છે. પરિણામે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન રાજ્યમાં બાગાયતી પાકોનું વાવેતર વધ્યું છે. વધતી જતી વસ્તીની સાથે બાગાયતી ઉત્પાદનોની માંગમાં પણ વધારો થયો છે. બાગાયતી ઉત્પાદનોની માંગને પહોંચી વળવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં વધારો કરવા અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે બાગાયતી પાકના વાવેતર અને બાગાયતી ખેતીમાં આધુનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય



કર્યો છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, બાગાયતી ખેતીમાં સફળતા માટે અદ્યતન પદ્ધતિ, તકનિકો અને ઉત્પાદન કૌશલ્યની ખાસ જરૂરિયાત રહે છે. રાજ્યના ખેડૂતોને બાગાયતી ખેતીની અદ્યતન પદ્ધતિઓ અંગે તાલીમબદ્ધ કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા રાજ્ય સરકારે ગાંધીનગર, અમરેલી, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં નવા સેન્ટર ઓફ એક્સેલેન્સ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા આગામી ત્રણ વર્ષ માટે સેન્ટર દિઠ રૂ. ૧૦ કરોડ મળી કુલ રૂ. ૪૦ કરોડ રકમ ફાળવવામાં આવી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ સેન્ટર ઓફ એક્સેલેન્સ કાર્યરત થતા બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે સાથે જ અન્ય ખેડૂતોને પણ બાગાયતી ખેતી કરવાની પ્રેરણા અને માર્ગદર્શન મળશે. આમ, રાજ્યમાં બાગાયત ખાતા દ્વારા કુલ ૧૭ સેન્ટર ઓફ એક્સેલેન્સ કાર્યરત થશે. આ કેન્દ્રો ખાતે શાકભાજી, ફળ અને મસાલા પાકોના ટેકનોલોજી આધારિત નિદર્શન, આધુનિક નર્સરી, પાક કૌતુકાલય, રક્ષિત ખેતીના નિદર્શનો, ટ્રેનીંગ કેન્દ્ર, સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, વોટર હાર્વેસ્ટ સ્ટ્રક્ચર, સંકલિત પેક હાઉસ અને સંગ્રહ વ્યવસ્થા જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

## લીલીયા રેલવે ટ્રેક પર આધેડનું મોત નિપજયું



અમરેલી,તા.૧૨

લીલીયામાં રેલવે ટ્રેક પર એક આધેડનો અકસ્માત થયો જેમાં વાલજીભાઈ હરસિંગભાઈ તુવર દ્વારા જાહેર કરવામાં આવેલ કે પોતાના કુટુંબીભાઈ બચુભાઈ જોખાભાઈ તુવર ઉંમર વર્ષ ૪૯ તા.૧૨ના રોજ રાત્રીના કોઈપણ સમયે ગાગડીયો નદી પાસે આવેલ કેમ્પથી ભેસાણ ગામ તરફ જતા વચ્ચે આવતા રેલવે ટ્રેક પર અકસ્માત થતા લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરતા ફરજ પરના ડોક્ટરે મરણ થયુ હોવાનું જાહેર કર્યુ હતું.

## દીવથી વિદેશી દારૂ વેરાવળ લઈ આવતા બે ઝડપાયા, બુટલેગર સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

વેરાવળ , તા.૧૨

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખાપટ ગામના બે શખ્સોને સંઘ પ્રદેશ દીવમાંથી વિદેશી દારૂનો જથ્થો વેરાવળના બુટલેગરને પહોંચાડવા આવતા પોલીસે ઝડપી પાડ્યા છે. આ ઘટના ગુરુવારે સાંજે પ્રભાસ પાટણ નજીક બની હતી. પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ, ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના



તસ્વીર : કૈલાસ ભટ્ટ

સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે એક સિલ્વર રંગની ઈનોવા કારમાં વિદેશી દારૂનો જથ્થો વેરાવળ લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પ્રભાસ પાટણના ગુલાબ નગર પાસેના તળાવ પાસે વોચ ગોઠવી હતી. થોડીવાર પછી, બાતમીવાળી ઈનોવા કાર ત્યાંથી પસાર થઈ અને પોલીસે તેને રોકી લીધી. ગાડીની તપાસ કરતાં તેમાંથી ૮૪૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. દારૂ સાથે ઉનાના ખાપટ ગામના નરેશ જીણાભાઈ મજીઠીયા અને અનિલ હમીરભાઈ શિયાળની ધરપકડ કરવામાં આવી હતી.

## ગીરગઢડાના વડવિયાળા ગામે વૃદ્ધને ફાડી ખાનાર દીપડો પાંજરે પુરાયો

ગીરગઢડા, તા.૧૨

ગીરગઢડાનાં વડવિયાળા ગામે બે દિવસ પહેલા વહેલી સવારે સોપતિયાલા મહાદેવ વાડી વિસ્તારમાં ખેતમજૂરી કામ કરતા ડાયાભાઈ ચીનાભાઈ સોલંકી નામના વૃદ્ધ નદીકાંઠે ઝૂંપડીમાં સુતા હતાં ત્યારે અચાનક માનવભક્ષી દીપડો આવી ચડયો હતો અને નિંદ્રાધીન વૃદ્ધ પર હુમલો કરી ફાડી ખાધા હતા. દીપડાના હુમલાની આ ઘટનાથી ગામમાં તથા આ વિસ્તારના ખેડૂતોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.



વન વિભાગે આ વિસ્તારમાં પાંજરૂ ગોઠવી દેતા આખરે દીપડો પાંજરે પુરાઈ જતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગ દ્વારા આ દીપડાને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## શીતલ કંપનીના આઈસ્ક્રીમ-ફ્રોઝન સ્નેકસનો ભુતાનમાં સ્વાદ માણવા મળશે

**પ.બંગાળના સીલીગુડી ખાતે પણ શીતલના ઉત્પાદનોની રવાનગી કરાઈ**

અમરેલી,તા.૧૨

શીતલ કુલ પ્રોડક્ટ્સ અમરેલીના આઈસ્ક્રીમ અને ફ્રોઝન સ્નેક્સની ભૂતાનમાં નિકાસ કરવામાં આવી હતી. તા.૧૨ના રોજ શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા આઈસ્ક્રીમ અને ફ્રોઝન સ્નેક્સની ભૂતાન ખાતે નિકાસ કરવામાં આવી છે. શીતલ આઈસ્ક્રીમ ખાતેથી કંપનીના એમડી હાર્દિકભાઈ




ભુવા, કેવલભાઈ ભુવા અને શીતલ ટીમ દ્વારા લીલી ઝંડી આપી કન્ટેનરને રવાના કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ. બંગાળના સીલીગુડી ખાતે પણ આજે શીતલ કુલ પ્રોડક્ટ લિ.ના ઉત્પાદનોની રવાનગી કરવામાં આવી છે. ભારતભરના અનેક રાજ્યો તેમજ અનેક દેશોમાં અમરેલીનાં શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડના ઉત્પાદનો ધૂમ મચાવી રહ્યા છે.

## કેસરિયા પે સેન્ટરમાંથી નિવૃત થયેલા શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો

ડોળાસા તા.૧૨

ડોળાસા નજીકના કેસરિયા પે સેન્ટર શાળાના ત્રણ આચાર્યો વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં કેસરિયા પે સેન્ટરની તમામ શાળાઓના સંયુકત



તસ્વીર :અનિલ કાનાબાર

ઉપક્રમે ત્રણે શિક્ષકોને શુભેચ્છા સહ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રસુલપરા પ્રાથમિક શાળામાં આચાર્યની ફરજ બજાવતા હમીરભાઈ ખસીયા, લેરકા પ્રાથમિક શાળાના આચાર્ય ધીરુભાઈ સોલંકી તેમજ સીમાસી નવાપરા પ્રાથમિક શાળાના આચાર્ય અશોકભાઈ રતનધાયરા એવા ત્રણ પ્રાથમિક શિક્ષકને અનોખી વિદાય આપવામાં આવી હતી. આ શિક્ષકોએ જે શાળામાં નોકરી કરી તે તમામ શાળાઓના બાળકોને બટુક ભોજન કરાવ્યું હતું.

## ગોંડલના ખોડીયાર નગર વિસ્તારમાં નાળામાં પાણી ભરાતાં લોકો ત્રાહિમામ

ગોંડલ, તા.૧૨

ગોંડલના ખોડીયાર નગર વિસ્તારમાં નાળામાં પાણી ભરાતાં લોકો તોબા પોકારી ઉઠ્યા છે. રસ્તામાં પડેલ ખાડાને લઈને રાહદારીઓને નાળામાંથી પસાર થવું જોખમી બન્યું છે. વાહન ચાલકો, રાહદારીઓ જીવના જોખમે નાળામાંથી પસાર થતા હોવાના વીડિયો સામે આવ્યા છે. જેમાં ખાડામાં પાણી ભરાયા હોવાથી



વાહન ચાલકો સાથે મહિલાઓ, બાળકો, વૃધ્ધો સહિતના લોકો પટકાતા હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાડકા તોડ ખાડામાં વારંવાર ગબડી પડતા રાહદારીઓને લઈને લોકોમાં તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

## સુરતમાં સુરજપરાના જીવરાજબાપાના સાનિધ્યમાં સત્સંગ કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૧૨

સૌરાષ્ટ્ર પાટીદાર સમાજની વાડી, વરાછા રોડ, મીની બજાર પાસે ગાબાણી હોલમાં સુરજપરાના વતની જીવરાજબાપાના સાનિધ્યમાં જરખીયાથી પધારેલ ઘોહારામબાપાના સત્સંગ ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં અનુયાયીઓ તેમજ પરિવારજનો દ્વારા જીવરાજબાપા અને ઘોહારામબાપાનું સ્વાગત સહ



સન્માન કરવામાં આવ્યું હતું. કરમશીબાપાના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા અને બહેનો દ્વારા કરમશીબાપાના ધર્મપત્ની ગૌરીબાની આરતી ઉતારવામાં આવી હતી.

કાર્યક્રમમાં મનુભાઈ ગોબરભાઈ કાકડિયા, મનીષાબેન કાત્રોડીયા, લીંબાભગત જોધાણી, મધુભાઈ સભાયા, ધનજીભાઈ આસોદરીયા, રાજુભાઈ સાવલીયા, મનુભાઈ ડોન, ધરમભગત સુરકા, ભીમભાઈ સુરકા, કાળુભાઈ કાછડીયા, નટવરલાલ, કાળુભાઈ પી. કાકડીયા, દકુભાઈ અડતાલા, મનસુખભાઈ ઠુમર, ઘનશ્યામ સુતરીયા, દેવજીબાપા સભાયા, ઈશ્વરભાઈ સભાયા, મનસુખભાઈ કાકડીયા સહિત ખુબ જ બહોળી સંખ્યામાં ભજનપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જસદણના વેપારી પાસેથી ચણાનો જથ્થો મગાવી મહેસાણાના શખ્સની રૂ ૯.૭૧ લાખની ઠગાઈ

જસદણ, તા.૧૨

જસદણમાં ખોડીયારનગરમાં રહેતા અને જસદણ આટકોટ રોડ પર શકિત એગ્રો એકસપોર્ટ નામે પેઢી ધરાવતા નરેશ ગોરધનભાઈ પોલારા સાથે મહેસાણાના જણસીના દલાલ જયેશ નામના શખ્સે બે વખત ચણાનો જથ્થો મંગાવી ત્રણ લાખ ચુકવી અન્ય રૂ.૯.૭૧ લાખની રકમ ન આપી છેતરપિંડી, વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ જસદણ પોલીસ મથકે નોંધાઈ હતી. જે ફરિયાદની વિગત મુજબ, નરેશભાઈ અનાજ કઠોળની જણસી ખેડૂતો પાસેથી અને યાર્ડમાંથી ખરીદ કરીને વેચાણ કરે છે. ઓફિસનો વહીવટ રવિ ભરતભાઈ છાયાણી સંભાળે છે. ત્રણ માસ પૂર્વે તા.૨૫-૩ ના રોજ રવિ છાયાણી ઓફિસે હતો ત્યારે મોબાઈલ પર તિરૂપતી બ્રોકર નામે જયેશ નામના શખ્સનો ફોન આવ્યો હતો અને ચણાની ખરીદીની વાત કરી હતી. જયેશ જણસીની દલાલીનું કામ કરતો હોય અને ૧૦૦ કિલોએ ૧૦ રૂપિયા દલાલી થશે તેમ કહી સોદો નકકી કર્યો હતો. સિધ્ધપુર ખાતે માણતી એગ્રો ઈન્ડ. પર ૧૦,૦૦૦ કિલો ચણા મોકલવાનો ઓર્ડર આપ્યો અને પેમેન્ટ માલ ઉતાર્યો ત્યાં ચુકવાઈ જશેનું નકકી થયું હતું. જસદણથી ટ્રકમાં માલ રવાના થયો હતો. ત્યાં ડ્રાઈવરને ત્રણ લાખ રૂપિયા આપ્યા હતા અને બીજુ પેમેન્ટ આપ્યું ન હતું. આવી જ રીતે બીજો એક ટ્રક કરજણ નીલકંઠ એન્ટરપ્રાઈઝ નામે મોકલાવ્યો હતો. જેનું પેમેન્ટ રૂ.૬,૬૯,૭૮૦ થતું હતું અને બીજા દિવસે આપવાનું નકકી થયું હતું. બન્ને સ્થળે માલ ઉતરાવી લીધા બાદ આરોપીએ મોબાઈલ રીસીવ કરવાનું બંધ કરી દીધું હતું. જસદણ પોલીસે મોબાઈલ નંબરના આધારે આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

## વડીયા પંથકના પ્રશ્નો અંગે બેઠક યોજતા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા

**અણઉકેલ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા ધારાસભ્યએ સૂચના આપી**

વડીયા,તા.૧૨

વડીયા અને તેના ગ્રામીણ વિસ્તારના લોકોના પ્રશ્ને વડીયા વિસ્તારના પ્રવાસે આવેલા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સરકારી હોસ્પિટલમાં મિટિંગ યોજી સ્થાનિક સુવિધાઓ અને પ્રશ્નો બાબતે ચર્ચા કરી તેના નિવારણ માટે સૂચનાઓ આપી હતી. આ સાથે વડીયા મામલતદાર ઓફિસ ખાતે સ્થાનિક લોકોના પોલીસ, મામલતદાર, આરોગ્ય,



પીજીવીસીએલના પ્રશ્નોની રજૂઆતો કરવામાં આવતા અધિકારીઓ ચૂપ થઈ ગયા હતા. સ્થાનિક પ્રશ્નો બાબતે ટૂંકાગાળામાં નિરાકરણ લાવવા આ વિસ્તારમાં લોક દરબારનું આયોજન કરવા અને તેમાં પીજીવીસીએલ, રેલવે, મહેસુલ સહિતના અધિકારીને અગાઉથી જાણ કરી તેને હાજર રાખવા



પ્રાંત અધિકારીને સૂચના અપાઈ હતી. આ સમગ્ર પ્રવાસમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સાથે પ્રાંત અધિકારી, ડીવાયએસપી, મામલતદાર, પીએસઆઈ, પીજીવીસીએલના ડેપ્યુટી ઈજનેર, આરોગ્ય વિભાગના અધિકારીઓ સહિત તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, જલ્પેશભાઈ મોવલિયા, મનીષ ઢોલરીયા, જે. ડી. ગુજારીયા, તુષાર ગણાત્રા, તુષાર વેગડ, અનિરુદ્ધ બોરીચા સહિતના સ્થાનિક અગ્રણીઓ જોડાયા હતા. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની સૂચના બાદ અધિકારીઓ તેમના આદેશનું પાલન કરે છે કે કેમ? તે જોવાનું રહ્યું.

**સુ. શ્રી ચાર્મી એ. રાવલ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, ગઢડાની કોર્ટ સમક્ષ**

જન્મ મરણ અધિનિયમ કેસ રજી.નં.૫૧/૨૦૨૪

**અરજદાર:** શ્રી આલગીયા દેવચંદભાઈ મધુભાઈ
રે.મોટા વરાછા, સુરત સીટી, સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** જન્મ - મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,
ઢસા ગ્રામ પંચાયત, તા.ગઢડા, જિ.બોટાદ

**વિષય- જન્મ મરણ અધિનિયમ કલમ-૧૩ (૩) અન્વયે જન્મ નોંધ કરવા બાબત**

**જાહેર નોટીસ**

આથી તમો અરજદાર અને સામાવાળાને નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી આલગીયા દેવચંદભાઈ મધુભાઈ, રહે. મોટા વરાછા, સુરત સીટી, જિ. સુરતનાઓનો જન્મ તા ૦૧/૦૧/૧૯૬૬ ના રોજ ઢસા મુકામે થયેલ, પરંતુ જન્મની નોંધણી જે તે સમયે કરાવેલ ન હોય, અરજદાર જન્મની નોંધણી કરવા હુકમ કરવા અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સબબ, આ કામે અરજદાર તથા સામાવાળા ને રૂબરૂ સાંભળવા માટે અત્રેની કોર્ટ, ગઢડા મુકામે તા.૨૩/૦૭/૨૦૨૪ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકની મુદત નકકી કરવામાં આવેલ છે. સદર મુદતે આપ જાતે અથવા આપના વકીલ દ્વારા અચુક હાજર રહેશો. અન્યથા તમો આ કામે કોઈ રજુઆત કરવા માંગતા નથી. તેમ માની આ કામે અરજીના ગુણદોષ ધ્યાને લઈ એક તરફી ન્યાય- નિર્ણય કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

આ નોટીસમાં મારી સહી તથા કચેરીનો સિકકો મારી આજ તા.૧૧/૦૭/૨૦૨૪ના રોજ જારી કરી છે.

સહી,
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
ગઢડા

ભાજપ શાસિત રાજ્યો આ રોગનું એપીસેન્ટર બની ગયા છે

# બેરોજગારીની બીમારીએ મહામારીનું સ્વરૂપ લીધું, રાહુલ ગાંધીના પ્રહાર

નવીદિલ્હી,તા.૧૨

ગુજરાતના ભરૂચમાં એક ખાનગી કંપનીના નોકરીના ઈન્ટરવ્યૂ માટે ભીડનો અને નાસભાગનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. કંપનીમાં ૫ જગ્યાની વેકેન્સી માટે નોકરી મેળવવા ૧૦૦૦થી વધુ યુવાનો ઈન્ટરવ્યૂ આપવા પહોંચ્યા હતા. ભરચક ભીડ અને નાસભાગ જેવી સ્થિતિ વીડિયોમાં જોઈ શકાય છે. એવામાં કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ વાયરલ વીડિયો પર ભાજપ સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે ભારતમાં બેરોજગારીની બીમારીએ મહામારીનું સ્વરૂપ લીધું છે. લોકસભામાં વિપક્ષના નેતા



રાહુલ ગાંધીએ ફરી એકવાર કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ગુજરાતના ભરૂચ જિલ્લામાંથી વાયરલ થઈ રહેલા વીડિયોને અંગે સરકારને આડેહાથ લેતા લખ્યું, 'ભારતમાં બેરોજગારીનો રોગ મહામારીનું રૂપ ધારણ કરી ચૂક્યો છે અને ભાજપ શાસિત રાજ્યો આ રોગનું એપીસેન્ટર બની ગયા છે.' એક સામાન્ય નોકરી માટે લાઈનોમાં ઊભા રહી ધક્કા ખાતું 'ભારતનું ભવિષ્ય' નરેન્દ્ર મોદીના 'અમૃત કાલ'ની વાસ્તવિકતા છે. ગુજરાતમાં એક વાયરલ વીડિયોએ લોકોને ચોંકાવી દીધા હતા. અંકલેશ્વરમાં ખાનગી કંપનીમાં ૫ પોસ્ટની ખાલી જગ્યા માટે લગભગ ૧૦૦૦ યુવાનોએ અરજી કરી હતી. ૧૦ સ્થળોએ યોજાયેલા ઈન્ટરવ્યુમાં મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. પરિણામે સ્થિતિ કાબૂ બહાર ગઈ હતી. ઈન્ટરવ્યૂ માટે થયેલી ભીડમાં ધકકામુક્કી થઈ હતી. ભીડ એટલી ભારે હતી કે, હોટેલની રેલીંગ તૂટી ગઈ હતી. થર્મેક્સ કંપની દ્વારા અંકલેશ્વરની લોર્ડ્સ પ્લાઝા હોટલમાં ઈન્ટરવ્યૂનું આયોજન થયું હતું.

આ ઘટના નારાયણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના વિજયપુરા ગામ પાસે બની હતી

# રાજસ્થાનમાં બીજેપી નેતાને જૂની અદાવતના કારણે માર મારતા સારવારમાં મોત

(એ.આર.એલ),જયપુર,તા.૧૨

રાજસ્થાનના કોટપુતલી-બહેરોર જિલ્લામાં ગુરુવારે ૮ લોકોએ ભારતીય જનતા પાર્ટીના એક સ્થાનિક નેતાને સળિયા અને લાકડીઓથી ખરાબ રીતે માર માર્યો હતો. આ અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે શુક્રવારે જયપુરમાં સારવાર દરમિયાન બીજેપી નેતાનું મોત થયું હતું. અધિક પોલીસ અધિક્ષક (કોટપુતલી-બેહરોર) નામ સિંહ ચૌહાણે જણાવ્યું કે બીજેપી નેતા યાસીન ખાન ગુરુવારે જયપુરથી અલવર પરત ફરી રહ્યા હતા. આરોપીઓએ તેમની કાર રોકી અને સળિયા અને લાકડીઓ વડે હુમલો કર્યો. ખરાબ રીતે ઘાયલ



યાસીનને જયપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ કહ્યું, 'યાસીનને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું.' આ ઘટના કોટપુતલી-બેહરોરના નારાયણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના વિજયપુરા ગામ પાસે બની હતી. પોલીસ અધિકારી શંભુ મીનાએ જણાવ્યું કે યાસીન અન્ય બે વ્યક્તિ જિતેન્દ્ર શર્મા અને પરમેન્દ્ર શર્મા સાથે કારમાં અલવર તરફ જઈ રહ્યો હતો ત્યારે ૮ આરોપીઓએ તેમની કાર રોકી અને યાસીનને માર માર્યો. આ ઘટનામાં પરમેન્દ્રને પણ સામાન્ય ઈજા થઈ હતી. પોલીસ અધિકારી મીનાએ જણાવ્યું હતું કે યાસીનને પ્રાથમિક સારવાર માટે નજીકના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યો હતો અને ત્યાંથી તેને વધુ સારવાર માટે જયપુરની એસએમએસ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

# ઓમર અને ફારુક અબ્દુલ્લા ભારતમાં પાકિસ્તાનના રાજદૂત છે, ભાજપ નેતા તરૂણ ચુગ

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે નેશનલ કોન્ફરન્સના નેતાઓ ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા પર આકરા પ્રહારો કર્યા છે. તરુણ ચુગે એક મોટું નિવેદન જારી કરીને કહ્યું કે ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા ભારતમાં પડોશી દેશ પાકિસ્તાનના રાજદૂત છે. તમને જણાવી દઈએ કે ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને જમ્મુ-કાશ્મીર માટે પાર્ટી પ્રભારી પણ બનાવ્યા છે. ચાલો જાણીએ તરુણ ચુગે આવું નિવેદન કેમ આપ્યું છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે જમ્મુ અને કાશ્મીરમાં નોંધપાત્ર વિકાસ અને શાંતિને ન



સ્વીકારવા અને પાકિસ્તાન સાથે સંબંધિત લાગણીઓ વ્યક્ત કરવા બદલ ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા પર નિશાન સાધ્યું છે. તમને જણાવી દઈએ કે બંને નેતા પૂર્વ મુખ્યમંત્રી છે. તરુણ ચુગે તો ત્યાં સુધી કહ્યું કે ઉમર અને ફારૂક ભારતમાં તે દેશના રાજદૂત છે. જમ્મુ અને કાશ્મીર ભાજપના પ્રભારી તરુણ ચુગે કહ્યું કે ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા બંનેને ભારતમાં પાકિસ્તાનના રાજદૂત તરીકે લેબલ લગાવવા જોઈએ.

# યુપી, બિહાર અને ઝારખંડમાં વીજળી પડવાથી ૨૪ લોકોના થયા મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

દેશના અનેક રાજ્યોમાં વરસાદને કારણે પૂરનો ભારે પ્રકોપ ચાલી રહ્યો છે. યુપી, બિહાર અને ઝારખંડમાં વીજળી પડવાથી ૨૪ કલાકમાં ૨૪ લોકોના મોત નિપજ્યા છે. યુપીના શાહજહાંપુરમાં ભારે વરસાદને કારણે એનડીઆરએફની ટીમો ઉતારવામાં આવી છે. બીજી બાજુ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે. યુપીના પ્રતાપગઢ જિલ્લામાં વિવિધ ભાગોમાં વીજળી પડવાથી ૧૧ લોકોના મોત નિપજ્યા છે અને એકને ઈજા પહોંચી છે. પ્રતાપગઢમાં પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રની સંયુક્ત ટીમો સ્થિતિની સમીક્ષા કરી રહી છે. બિહારમાં છેલ્લાં ૨૪ કલાકમાં વીજળી પડવાને કારણે ૧૦ લોકોએ તેમના જીવ ગુમાવ્યા હતા.

# ભારતીય ટીમ આગામી ૨૬ જુલાઈથી શ્રીલંકા સામે ટી-૨૦ સિરીઝ રમશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

ભારતીય ક્રિકેટ બોર્ડે શ્રીલંકા પ્રવાસનું શેડ્યૂલ જાહેર કર્યું છે. ટીમ ઈન્ડિયા ૨૬ જુલાઈથી શ્રીલંકામાં ત્રણ મેચની ટી ૨૦ સિરીઝ રમશે. આ પછી, ૧ ઓગસ્ટથી બંને ટીમો વચ્ચે ૩ વનડે મેચોની શ્રેણી રમાશે. જો કે, બંને બોર્ડે હજુ સુધી આ શ્રેણી માટે તેમની ટીમની જાહેરાત કરી નથી. આ પ્રવાસથી ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના નવા મુખ્ય કોચનું પદ સંભાળશે.

સનથ જયસૂર્યાને શ્રીલંકાના મુખ્ય કોચની જવાબદારી મળી છે. જ્યારે ભારત સામેની શ્રેણી પહેલા જ શ્રીલંકાના કેપ્ટન વાનિન્દુ હસરંગાએ કેપ્ટનશીપ છોડી દીધી છે. ભારત અને શ્રીલંકા વચ્ચે ૩



મેચની ટી ૨૦ સિરીઝની પ્રથમ મેચ ૨૬મી જુલાઈના રોજ પલ્લેકેલેમાં રમાશે. આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે ૭ વાગ્યે શરૂ થશે. આ પછી, બીજી ટી-૨૦ મેચ બીજા જ દિવસે એટલે કે ૨૭ જુલાઈએ પલ્લેકલેમાં રમાશે. ટી ૨૦ સિરીઝની ત્રીજી અને છેલ્લી મેચ ૨૯ જુલાઈએ રમાશે. આ મેચ પણ પલ્લેકેલેમાં જ યોજાશે.

ટી-૨૦ શ્રેણી બાદ ભારત અને શ્રીલંકા વચ્ચે ૧ ઓગસ્ટથી ત્રણ મેચની વનડે શ્રેણી પણ રમાશે. વનડે શ્રેણીની પ્રથમ મેચ ૧ ઓગસ્ટ, બીજી મેચ ૪ ઓગસ્ટ અને ત્રીજી અને છેલ્લી મેચ ૭ ઓગસ્ટના રોજ રમાશે. વનડે શ્રેણીની તમામ મેચો કોલંબોમાં રમાશે.

**ભારતના શ્રીલંકા પ્રવાસનું શેડ્યૂલ**

પ્રથમ ટી ૨૦ મેચ – ૨૬ જુલાઈ
બીજી ટી ૨૦ મેચ – ૨૭ જુલાઈ
ત્રીજી ટી ૨૦ મેચ – ૨૯ જુલાઈ
વનડે શ્રેણી શેડ્યૂલ
૧લી વનડે – ૧ ઓગસ્ટ
૨જી વનડે – ૪ ઓગસ્ટ
ત્રીજી વનડે ૭મી ઓગસ્ટ

# યુનિફોર્મ સિવિલ કોડ રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨




યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો છે. નિયમો બનાવવા અને અમલીકરણ સમિતિએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી. સમિતિના અધ્યક્ષ શત્રુઘ્ન સિંહે પત્રકાર પરિષદ યોજી હતી.

તેમની સાથે સમિતિના સભ્ય એડીજી અમિત સિંહા, સામાજિક કાર્યકર મનુ ગૌર અને દૂન યુનિવર્સિટીના વીસી સુરેખા ડાંગવાલ હાજર હતા. તેમણે કહ્યું, 'લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને યુસીસી રિપોર્ટ સામાન્ય લોકો સાથે શેર કરી શકાયો નથી. હવે આ ચારેય ગ્રંથોનો અહેવાલ અને માર્ગદર્શિકા આજે જાહેર કરવામાં આવી રહી છે.

યુસીસી રિપોર્ટમાં વસ્તી નિયંત્રણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ તે યુસીસીમાં સામેલ નથી. એ જ રીતે, યુસીસી રિપોર્ટમાં દત્તક લેવાના અધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે કાયદામાં સામેલ નથી. રિપોર્ટના વોલ્યુમ ૧ અને વોલ્યુમ ૩ જાહેર કરવામાં આવશે. યુનિફોર્મ સિવિલ કોડ પર સંશોધન રિપોર્ટ ઉત્તરાખંડમાં બહાર પાડવામાં આવશે. જે રિપોર્ટ યુસીસીનો આધાર હતો તે સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. આ પગલાનો હેતુ લોકોને યુસીસી વિશે જાગૃત કરવાનો છે, એવી અપેક્ષા છે કે ઓક્ટોબર મહિના સુધીમાં યુસીસી લાગુ કરવામાં આવશે, યુનિફોર્મ સિવિલ કોડ એ કાયદાના સામાન્ય સમૂહનો ઉલ્લેખ કરે છે જે લગ્ન, છૂટાછેડા, વારસો, દત્તક અને ઉત્તરાધિકારના સંદર્ભમાં ભારતના તમામ નાગરિકોને લાગુ પડે છે. આ કાયદાઓ ધર્મ અને લિંગ અભિગમને ધ્યાનમાં લીધા વિના ભારતના નાગરિકોને લાગુ પડે છે. બીજા શબ્દોમાં આપણે કહી શકીએ કે તેનો અર્થ એક દેશ, એક નિયમ છે.

# ગેરકાયદેસર મદરેસાના બાળકોને સરકારી પ્રા. શાળામાં દાખલ કરવા આદેશ



(એ.આર.એલ),લખનૌ,તા.૧૨

જમિયત ઉલેમા-એ-હિંદે ઉત્તર પ્રદેશ સરકારના મદરેસાઓ અંગેના તાજેતરના આદેશને ગેરબંધારણીય ગણાવ્યો છે. યુપી સરકારના આ આદેશને લઘુમતીઓના અધિકારોનું ઉલ્લંઘન કરતી કાર્યવાહી તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે. જમીયત ઉલેમા-એ-હિંદએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આ આદેશને પાછો ખેંચવાની માંગ કરી છે. જમીયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ અસદ મદનીએ પણ સરકારને પત્ર લખ્યો છે. આ પત્ર સરકારના અધિક મુખ્ય સચિવ, નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (એનસીપીસીઆર), અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, લઘુમતી કલ્યાણ અને વકફ અને ડાયરેક્ટર લઘુમતી કલ્યાણને લખવામાં આવ્યો છે. ૨૬ જૂનના રોજ, નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઑફ ચાઈલ્ડ રાઈટ્સના (એનસીપીસીઆર) પત્રવ્યવહારના આધારે, યુપી સરકારે અનુદાન પ્રાપ્ત કરતી અને માન્યતા પ્રાપ્ત મદરેસાઓમાં અભ્યાસ કરતા બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓને અલગ કરવા સૂચનાઓ જાહેર કરી હતી. આવા વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં પ્રવેશ આપવા પણ જણાવવામાં આવ્યું છે. તેવી જ રીતે, માન્યતા વિનાના મદરેસાના તમામ વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ માટે સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ આપવો એવું પણ કહેવામાં આવ્યું છે. મદનીએ કહ્યું છે કે, સરકારના આ આદેશથી ઉત્તરપ્રદેશ રાજ્યની હજારો સ્વતંત્ર મદરેસાઓ પ્રભાવિત થશે. ઉત્તર પ્રદેશ એક એવું રાજ્ય છે, જ્યાં મોટી સંખ્યામાં સ્વતંત્ર મદરેસાઓ ચાલે છે.

# સપ્તાહના છેલ્લા દિવસે ભારતીય શેરબજાર નોંધપાત્ર ઉછાળા સાથે બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૨

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ભારતીય શેરબજાર નોંધપાત્ર ઉછાળા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૭૮ ટકા અથવા ૬૨૨ પોઈન્ટના વધારા સાથે ૮૦,૫૧૯ પર બંધ રહ્યો હતો. બજાર બંધ સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેર લીલા નિશાન પર અને ૧૦ શેર લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી આજે ૦.૭૭ ટકા અથવા ૧૮૬ પોઈન્ટના વધારા સાથે ૨૪,૫૦૨ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૪ શેર લીલા નિશાન પર અને ૧૬ શેર લાલ નિશાન પર હતા. અમેરિકામાં જૂન મહિનામાં ફુગાવામાં અપેક્ષિત કરતાં મોટા ઘટાડાને કારણે યુએસ



ફેડ રેટ કટની શક્યતા વધી છે. નિફ્ટી પેક શેરોમાં આજે સૌથી મોટો વધારો ટીસીએસમાં ૬.૫૯ ટકા, વિપ્રોમાં ૪.૬૬ ટકા, એચસીએલ ટેકમાં ૩.૩૦ ટકા, ઈન્ફોસિસમાં ૩.૨૫ ટકા અને ટેક મહિન્દ્રામાં ૩.૦૪ ટકા નોંધાયો હતો. તે જ સમયે, સૌથી મોટો ઘટાડો એશિયન પેઈન્ટમાં ૧.૦૧ ટકા, ડિવિસ લેબમાં ૦.૯૩ ટકા, મારુતિમાં ૦.૯૧ ટકા, ટાઈટનમાં ૦.૮૪ ટકા અને હિન્દાલ્કોમાં ૦.૮૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આજે નિફ્ટી આઈટીએ સૌથી વધુ ૪.૫૩ ટકાનો વધારો દર્શાવ્યો હતો.

મોસ્કોની આક્રમકતાને પ્રોત્સાહન આપવા માટે સીધી રીતે બેઇજિંગને દોષી ઠેરવવામાં આવ્યું છે

# યુક્રેન યુદ્ધમાં રશિયાને મદદ કરવા બદલ નાટો દેશોએ ચીનને ચેતવણી આપી

(એ.આર.એલ),બીજીંગ,તા.૧૨

ચીન હવે અમેરિકાની સાથે સાથે નાટો દેશોના નિશાના પર આવી ગયું છે અને યુક્રેન યુદ્ધમાં મદદ કરવા બદલ નાટો દેશોએ ચીનને સીધી ચેતવણી આપી છે. ૩૨-સભ્ય સુરક્ષા જોડાણ દ્વારા જાહેર કરાયેલ સંયુક્ત ઘોષણાપત્રમાં કિવ વિરૂદ્ધ મોસ્કોની આક્રમકતાને પ્રોત્સાહન આપવા માટે સીધી રીતે બેઈજિંગને દોષી ઠેરવવામાં આવ્યું છે. ગઠબંધનના રાજ્યોના વડાઓની વાર્ષિક બેઠક બાદ જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચીન તેના હિતો અને પ્રતિષ્ઠાને નકારાત્મક અસર કર્યા વિના યુરોપમાં હાલના ઈતિહાસમાં સૌથી મોટું યુદ્ધ કરાવી શકે તેમ નથી.



તેની પાછળનું એક મોટું કારણ એ પણ કહેવામાં આવી રહ્યું છે કે તાજેતરમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરો દર્શાવે છે કે ચીની સેના શિનજિયાંગના રણમાં અમેરિકન ફાઈટર પ્લેન અને એરક્રાફ્ટ કેરિયર્સ પર હુમલાની પ્રેક્ટિસ કરી રહી છે. ગૂગલ અર્થ દ્વારા ૨૯ મેના રોજ લેવામાં આવેલી ફોટાઓમાં એરક્રાફ્ટ કેરિયરની પ્રતિકૃતિઓ અને અમેરિકન સ્ટીલ્થ ફાઈટર જેવા દેખાતા ૨૦થી વધુ જેટ દેખાય છે.

આ કવાયત પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા યુએસ નૌકા દળોના જોખમોને બેઅસર કરવા માટે તેની પોતાની લાંબા અંતરની બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલ સિસ્ટમ વિકસાવવાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. જ્યાં મોટાભાગના એફ-૨૨ એરક્રાફ્ટ તૈનાત હતા. ૨૦૧૫માં, પીએલએ સૈનિકો તાઈવાનના રાષ્ટ્રપતિ કાર્યાલયની નજીકથી મળતી આવતી ઈમારતની નજીક સિમ્યુલેટેડ યુદ્ધમાં ભાગ લેતા ફૂટેજ પ્રસારિત કરવામાં આવ્યા હતા. આ કવાયત પીએલએને વિમાનવાહક જહાજો જેવા સમુદ્રમાં મોબાઈલ લક્ષ્યો પર હુમલો કરતી બેલિસ્ટિક મિસાઈલ જેવા સંજોગોમાં તેની ચોકસાઈ સુધારવામાં મદદ કરશે.

વિશ્વના ઘણા નેતાઓએ તેમની આ લાક્ષણિકતાને અપનાવવી જોઈએ

# નરેન્દ્ર મોદી ખૂબ જ આધ્યાત્મિક છે, ઓસ્ટ્રિયન ભૌતિકશાસ્ત્રી એન્ટોન ઝિલિંગર

ઓસ્ટ્રિયા,તા.૧૨

નોબેલ પુરસ્કાર વિજેતા ઓસ્ટ્રિયન ભૌતિકશાસ્ત્રી એન્ટોન ઝિલિંગરે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખૂબ જ આધ્યાત્મિક છે અને વિશ્વના ઘણા નેતાઓએ તેમની આ લાક્ષણિકતાને અપનાવવી જોઈએ. ઓસ્ટ્રિયાની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ એન્ટોન ઝિલિંગર સાથે મુલાકાત કરી અને ક્વોન્ટમ ટેક્નોલોજી તેમજ આધ્યાત્મિકતા પર ચર્ચા કરી. ૨૦૨૨માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર જીતનાર વૈજ્ઞાનિકે કહ્યું, જ્યારે તમે પ્રતિભાશાળી યુવાનોને તેમના પોતાના વિચારોના આધારે સંશોધન કરવા માટે સમર્થન આપો ત્યારે જ ખરેખર નવા વિચારોનો ઉદય થાય છે. આ એવું



કંઈક છે જે દરેક દેશમાં થઈ શકે છે, ચોક્કસપણે ભારતમાં પણ, કારણ કે ભારતનો આધ્યાત્મિક અને તકનીકી ભૂતકાળ ખૂબ જ વ્યાપક અને સમૃદ્ધ છે. વિદેશ મંત્રાલયે પીએમ મોદી અને ઝિલિંગરની મુલાકાત વચ્ચેની બેઠકમાં વડાપ્રધાનના કાર્યક્રમ વિશે જાણકારી આપી હતી કે તેઓ ચાર અગ્રણી ઓસ્ટ્રિયન ઈન્ડોલોજિસ્ટ અને ભારતીય ઈતિહાસના વિદ્વાનોને મળ્યા હતા. તેઓ બૌદ્ધ દર્શનના વિદ્વાન અને ભાષાશાસ્ત્રી ડો. બિરગિટ કેલનર, આધુનિક દક્ષિણ એશિયાના વિદ્વાન પ્રો. માર્ટિન ગેન્સજલે વિયેના યુનિવર્સિટીના સાઉથ એશિયન સ્ટડીઝના પ્રોફેસર ડો. બોરાયિન લારિઓસ અને વિયેના યુનિવર્સિટીના ઈન્ડોલોજી વિભાગના પ્રમુખ ડો. કરિન પ્રિસેન્ડાન્ઝ સાથે પણ વાતચીત કરી.

# લિવ-ઈન રિલેશનમાં રહેતો પુરુષ પતિના દાયરામાં આવતો નથી: કેરળ હાઈકોર્ટ

(એ.આર.એલ),કોચી,તા.૧૨

કેરળ હાઈકોર્ટે તાજેતરમાં તેના એક ચુકાદામાં જણાવ્યું હતું કે લીવ-ઈન રિલેશનશિપમાં રહેતો પુરુષ કાયદા મુજબ પતિના દાયરામાં આવતો નથી અને તેથી પત્ની પર ક્રૂરતા આચરવાના સજાપાત્ર ગુના હેઠળ તેને સજા થઈ શકે નહીં. હાઈકોર્ટે જણાવ્યું હતું કે આઈપીસીની કલમ ૪૯૮A હેઠળ સ્ત્રી પર તેના પતિ અથવા સંબંધી ક્રૂરતા આચરે તો પતિ-સંબંધીને સજાની જોગવાઈ છે, પરતુ લિવ-ઈન રિલેશનશિપમાં




રહેલા દંપતીએ લગ્ન કર્યાં નથી, તેથી તે પુરુષ 'પતિ' શબ્દના દાયરામાં આવતો નથી. આઈપીસીની કલમ ૪૯૮A હેઠળ સજાપાત્ર અપરાધને માટે સૌથી આવશ્યક ઘટક એ છે કે સ્ત્રીને તેના પતિ અથવા પતિના સંબંધીઓ/સંબંધીઓ દ્વારા ક્રૂરતાનો ભોગ બનવું. 'પતિ' શબ્દનો અર્થ થાય છે, પરિણીત પુરુષ, લગ્નમાં સ્ત્રીનો ભાગીદાર. તેથી લગ્ન એક આવશ્યક વિધિ છે, જેનાથી સ્ત્રીના જીવનસાથીને પતિનો દરજ્જા મળે છે. આમ કાયદેસરના લગ્ન વિના જો કોઈ પુરુષ સ્ત્રીનો જીવનસાથી બને છે, તો તે આઈપીસીની કલમ ૪૯૮એના હેતુ માટે 'પતિ' ગણાતો નથી. આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ તેની સામે શરૂ કરાયેલી કાર્યવાહીને રદ કરવાની એક વ્યક્તિની અરજી પર હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો.

પોલીસે તેલુગુ દેશમ પાર્ટીના ધારાસભ્યની ફરિયાદ પર

# આંધ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડી, બે IPS, ૨ નિવૃત અધિકારીઓ સામે કેસ નોંધાયો

હૈદરાબાદ, તા.૧૨

પોલીસે તેલુગુ દેશમ પાર્ટીના ધારાસભ્યની ફરિયાદ પર પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી, બે વરિષ્ઠ ભારતીય પોલીસ સેવા અધિકારીઓ અને બે નિવૃત્ત અધિકારીઓ સામે "હત્યાના પ્રયાસ"નો કેસ નોંધ્યો છે. એક અધિકારીએ શુક્રવારે આ જાણકારી આપી. આ સંદર્ભે ઉંડી વિધાનસભા ક્ષેત્રના શાસક પક્ષના ધારાસભ્ય કે. રઘુરામ કૃષ્ણ રાજુએ ફરિયાદ નોંધાવી હતી. અધિકારીએ જણાવ્યું કે રેડ્ડી ઉપરાંત પોલીસે વરિષ્ઠ આઈપીએસ અધિકારી પી.વી.ની ધરપકડ કરી છે. સુનિલ કુમાર અને પીએસઆર સીતારમંજનાયુલુ અને નિવૃત્ત



પોલીસ અધિકારી આર. ગુંટુર સરકારી હોસ્પિટલના પૂર્વ અધિક્ષક વિજય પોલ અને જી પ્રભાવતી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. "રાજુએ એક મહિના પહેલા ઈ-મેલ દ્વારા પોલીસને ફરિયાદ મોકલી હતી અને કાનૂની સલાહ લીધા પછી, મેં ગુરુવારે સાંજે ૭ વાગ્યે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને અન્યો સામે કેસ નોંધ્યો હતો," તેમણે પીટીઆઈને જણાવ્યું હતું કે રાજુએ એવો પણ આક્ષેપ કર્યો હતો "કસ્ટોડિયલ ટોર્ચર" ને આધિન. પોલીસે પાંચ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦, ૧૬૬, ૧૬૭, ૧૯૭, ૩૦૭, ૩૨૬, ૪૬૫ અને ૫૦૬ હેઠળ ગુંટુરના નાગરમપાલમ પોલીસ સ્ટેશનમાં કલમ ૩૪ સાથે કેસ નોંધ્યો છે. ટીડીપી નેતા રાજુ દ્વારા ૧૧ જૂન, ૨૦૨૧ ના રોજ રેડ્ડી અને કેટલાક અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને વરિષ્ઠ અધિકારીઓએ તેમની વિરુદ્ધ ગુનાહિત "ષડયંત્ર" રચ્યું હતું.

# રાજયમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૧૭ તાલુકાઓમાં વરસાદ, બે દિવસ પછી ફરી મેઘરાજા સક્રિય થશે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં ૨૫ તાલુકામાં એક ઈંચથી વધુ મેઘ મહેર થઈ છે. ઉમરગામ, કામરેજમાં સૌથી વધારે ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં ૩ ઈંચ, બોરસદમાં ૩ ઈંચ, વાપીમાં ૩ ઈંચ, વલસાડમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૧૨મી અને ૧૩મી જુલાઈએ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ અને દમણમાં



છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૧૩મી જુલાઈએ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, છોટા ઉદેપુર સહિતના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, આગામી ત્રણ દિવસ રાજ્યમાં વરસાદનું પ્રમાણ ન હોવાથી લોકોને ગરમી સહન કરવાનો વારો આવશે. રાજ્યમાં આગામી ૧૨મી થી ૧૫મી જુલાઈ દરમિયાન કોરૂ ધાકોર વાતાવરણ રહેવાની શક્યતા છે. આ સાથે રાજ્યમાં વરસાદી ઝાપટા અને દરિયા કિનારે વરસાદી માહોલ રહેશે. રાજ્યમાં

### ૨૫ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ, સુરતમાં 3 ઈંચ

૧૬મી જુલાઈ પછી મેઘરાજા ફરી સક્રિય થતાં રાજ્યમાં વરસાદ પડવાની શક્યતા છે. ૧૭થી ૨૪મી જુલાઈમાં રાજ્યમાં વરસાદનું જોર રહેશે. બીજી તરફ ૧૪મી અને ૧૫મી જુલાઈમાં બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ સક્રિય થવાની સાથે ગુજરાતના કેટલાક ભાગમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે.

# જૂનાગઢની કૃષિ યુનિ.માં દીપડો ઘૂસતા વિદ્યાર્થીઓમાં દોડધામ

જૂનાગઢ,તા.૧૨

જૂનાગઢની કૃષિ યુનિવર્સિટીમાં આજે સવારે દીપડો ઘૂસી આવતા અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં દોડધામ મચી હતી અને ડરનો માહોલ છવાયો હતો.

કૃષિ યુનિવર્સિટીની બાયો એનર્જી લેબોરેટરીમાં દીપડો ઘૂસી જતા વનવિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમ દ્વારા આસપાસનો વિસ્તાર ખાલી કરાવી ટ્રાન્કિવલાઈઝર ગનની મદદથી દીપડાને બેભાન કરી પાંજરે પૂરવામાં આવ્યો હતો.

વનવિભાગના અધિકારી-કર્મચારીઓએ ચાલુ વરસાદમાં એક કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી દીપડાને પકડી લેતા યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# દાહોદમાં ડીએસએફએ ખાનગી રિવોલ્વરથી અગમ્ય કારણોસર આપઘાત કરતા ચકચાર

(એ.આર.એલ),દાહાદ,તા.૧૨

દાહોદ જિલ્લામાં ડીએસએફ આર.એમ. પરમારે રિવોલ્વરથી આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હતું. અગમ્ય કારણોસર આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. આપઘાતનું કારણ હાલ અકબંધ છે. વન વિભાગમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પરિવારને આ સમાચાર સાંભળી આઘાત પહોંચ્યો છે. દાહોદમાં ડીએસએફ આર. એમ. પરમારે ઘરના બેડરૂમમાં પોતાની ખાનગી રિવોલ્વરથી એક



રાઉન્ડ ફાયર કરી જીવન ટૂંકાવ્યું હતું. અગમ્ય કારણોસર આપઘાત કર્યો હોવાનું લોકોએ અનુમાન કર્યુ છે. આપઘાતનું કારણ હાલ અકબંધ છે. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણ-રાધનપુર હાઈવે પર એસટી બસ-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના કરૂણ મોત

(એ.આર.એલ),પાટણ,તા.૧૨

પાટણ રાધનપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખારિયા પુલ નજીક એસટી બસ-ટ્રક વચ્ચે ભીષણ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર સહિત કુલ ૪ વ્યક્તિના કરૂણ મોત નિપજ્યા છે. તો અકસ્માતમાં ૧૦ જેટલા લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આણંદથી રાપર



જતી બસની ટ્રક સાથે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બન્ને વાહનોના મળી કુલ ૪ ના મોત નિપજ્યા છે. તો અન્ય ૮ થી ૧૦ જેટલાં મુસાફરો ઘાયલ થયા છે. અકસ્માતને લઈ હાઈવે પર ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. અકસ્માતની જાણ થતા જ ઈમર્જન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ક્રેનની મદદથી એસટી બસને માર્ગ પરથી ખસેડવાની કામગીરી શરુ કરાઈ હતી. તો બીજી તરફ, ઘાયલોને પાટણ ધારપુર હોસ્પિટલ અને રાધનપુર રેફરલ હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# રાજયના ૨૯ જિલ્લામાં ૨.૩૮ લાખ થયા શિક્ષિત બેરોજગાર

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પાછળ કરોડોનું આંધણ કરવામાં આવે છે, હજારો યુવાઓને રોજગારી મળશે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ કડવી હકીકત એ છે કે, વિકસિત રાજ્ય ગુજરાતમાં બેરોજગારી ચરમસીમાએ પહોંચી છે. આજેય ૨.૪૯ લાખ શિક્ષિત યુવાઓ નોકરી માટે ફાંફા મારી રહ્યા છે. અંકલેશ્વરમાં એક ખાનગી કંપનીમાં નોકરી મેળવવા માટે શિક્ષિત યુવાનો ઉમટી પડ્યા હતાં. ઉમેદવારોની ભીડ ઉમટતાં હોટેલની રેલિંગ તૂટી ગઈ હતી. આ એ દર્શાવે છે કે, ગુજરાતમાં બેરોજગારીનો ગ્રાફ વધી રહ્યો છે. ગુજરાત સરકારે વિધાનસભામાં રજૂ કરેલા આંકડા મુજબ, રાજ્યમાં ૨૯ જિલ્લામાં ૨,૩૮,૯૭૮ શિક્ષિત બેરોજગારો જ્યારે ૧૦,૭૫૭ અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા છે. રાજકોટ, ભાવનગર, મહિસાગર, પંચમહાલ, આણંદ, દાહોદ અને સુરેન્દ્રનગરમાં સૌથી વધુ શિક્ષિત બેરોજગારો નોધાયેલાં છે. જ્યારે અમદાવાદના સૌથી વધું યુવાઓ સરકારી નોકરીનું સપનું પુરૂ કરી શક્યા છે.

# ગુજરાતના આઠ જિલ્લામાં કોલેરા ફેલાતા આરોગ્ય તંત્ર ઉંધામાથે

અમદાવાદ,તા.૧૨

ગુજરાતના આઠ જિલ્લામાં કોલેરા ફેલાયો છે. ગાંધીનગર જિલ્લાના કેટલાક ભાગોમાં કોલેરાના નવા કેસ સામે આવતાં રાજ્યનું આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર છે. ગુરુવારે, જિલ્લા કલેક્ટર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ અને આરોગ્ય કર્મચારીઓ સહિતના અધિકારીઓ પરિસ્થિતિની સમીક્ષા કરવા એકઠા થયા હતા. આણંદ, જામનગર અને વડોદરા જેવા જિલ્લાઓમાં પણ કેસ નોંધાયા છે. રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડૉ. નિલમ પટેલે ગટરની પાઈપલાઈન લીકેજને મરામતની તાકીદ પર ભાર મૂક્યો હતો. ''કોલેરાનો પ્રકોપ મુખ્યત્વે દૂષિત પાણી અને ખોરાકને કારણે થાય છે. ખોરાકનું દૂષણ સામાન્ય રીતે ચોક્કસ જૂથોને અસર કરે છે, પરંતુ પાણીનું દૂષણ સમગ્ર વિસ્તારને અસર કરી શકે છે,'' એમ તેમણે સમજાવ્યું હતું.

# કચ્છમાં લવજેહાદના પ્રમાણમાં વધારો, ૭ માસમાં ૨૧ સગીરાના અપહરણ

(એ.આર.એલ),ભુજ,તા.૧૨

ગુજરાત રાજ્ય ભરમાં લવ જેહાદના કિસ્સાઓ વધી રહ્યા છે. તેની સાથે કચ્છમાં પણ વિધર્મીઓ દ્વારા સગીર કન્યાઓનું અપહરણ કરવાના બનાવો મોટા પ્રમાણમાં વધ્યા છે. છેલ્લા સાત માસમાં જ પશ્ચિમ કચ્છમાંથી ૨૧ સગીરાઓના અપહરણ કરાયાના કિસ્સાઓ પોલીસ ચોપડે ચડયા છે. જો કે, જે પૈકી ૧૪ સગીરાને પરત લઈ આવવામાં પોલીસને



સફળતા મળી છે. તો, માત્ર જુલાઈ માસમાં ચાર સગીરા સહિત પાંચ મહિલાઓના અપહરણ થયા હતા. જે પૈકી પાંચ સગીરાઓને આરોપીઓની ચુંગાલમાંથી પોલીસે છોડાવીને ભોગબનનારને તેના વાલીઓને સોંપી સરાહનીય કામગીરી કરી છે. સગીર કન્યાઓને લલચાવી ફોસલાવી અપહરણ કર્યા બાદ દુષ્કર્મ કરવાના કિસ્સાઓ વધી જતાં અને તેમાંય વિધર્મી યુવકો દ્વારા સગીરાને ફસાવાઈ હોવાનું સામે આવતાં આ દુષણને અટકાવવા પશ્ચિમ કચ્છ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને સઘન તપાસ તેજ કરી હતી. જેમાં ભુજ, માંડવી, માધાપર, નખત્રાણા પોલીસ મથકે દાખલ થયેલ અપહરણના કેસમાં આરોપીઓને ઝડપી પાડયા છે.


